
નિસ્બત
પ્રજ્ઞા વશી

ગઝલસંગ્રહ

# નિસ્બત

## કવયિત્રી – પ્રજ્ઞા વશી

(A page from a printed book)

# નિસ્બત – Nisbat

By Pragna Vashi

© Pragna Vashi

પ્રથમ આવૃત્તિ : 2014

ISBN : 978-93-84637-06-4

●મુદ્રક–પ્રકાશક●

સાહિત્ય સંકુલ,

ચૌટાબજાર, સુરત – 395 003

ફોન : (0261) 2591 449 ઈ.મેઈલ : sahityasangamnjk@gmail.com

♦અન્ય પ્રાપ્તિસ્થાન♦

(1) સાહિત્ય સંગમ,

બાવાસીદી, પંચોલીની વાડી સામે, ગોપીપુરા,

સુરત – 395 001 ફોન : (0261) 2597 882/ 2592 563

(2) સાહિત્ય ચિંતન,

કચરિયા પોળ, બાલા હનુમાન સામે, ગાંધી રોડ,

અમદાવાદ – 380 001 ફોન : (079) 22 171 929

रु 105-00

(A page for eBook)

eBook : Nisbat :

By Pragna Vashi

© Pragna Vashi

ઈ.બુક મુલ્ય : નીઃશુલ્ક

●ઈ.બુક પ્રકાશક●

મણી મારુ

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી.– 396450 સેલફોન : 940 946 16 53

ઈ.મેઈલ : manimaru1712@gmail.com

♦ઈ.બુક અક્ષરાંકન♦

'મણી મારુ' પ્રકાશક વતી : ગોવીન્દ મારુ 'અભીવ્યક્તી'

સેલફોન : 9537 88 00 66 ઈ.મેઈલ : govindmaru@gmail.com

# અર્પણ

## શ્રી નાનુબાપા

તેમ જ

## શ્રી ભગવતીકુમાર શર્માને...

## પ્રકાશિત પુસ્તકો :

1. સ્પન્દન વન (કાવ્યસંગ્રહ–2002)
2. આકાશે અક્ષર (ગઝલસંગ્રહ–2008)
3. શ્વાસ સજાવી બેઠાં (ગીતસંગ્રહ–2008)
4. પિકનિક પર્વ (બાળગીત સંગ્રહ–2008)
5. નારીની ગઈકાલ આજ અને આવતીકાલ (2011) (લઘુનિબંધ)
6. સત્–અસત્‌ને પેલે પાર (નવલકથા–2014)

# બધાં મહોરાં ફગાવીને...

આમ તો હું ત્રીસ વર્ષ પહેલાં કવિતાની આંગળી પકડીને સાહિત્ય જગતમાં પ્રવેશી હતી પણ પછી તો વાર્તા, નિબંધ, નવલકથા, હાસ્ય–નિબંધ, એકાંકી, ત્રિઅંકી તેમ જ કાવ્યનાં દરેક પ્રકારમાં માંગ અનુસાર તેમ જ રસ રુચિ પ્રમાણે લખાતું રહ્યું. કવિતામાં બાળગીતો રચવામાં પણ નિજાનંદ અને બાળપણ બંને માણવાની મજા આવી ગઈ.

ઝીણાં ઝીણાં સંવેદનો કવિતા ઝીલતી જાય અને આપણને ભીતરથી સાવ હળવાંફૂલ કરતી જાય આખું જગત આપણી સાવ નિકટ આવતું જાય અને આપણે અંદરથી ભરેલાં ભરેલાં થઈ જઈએ. સીધા સરળ છંદોમાં અને સીધી સરળ બાનીમાં કવિતા લખવી ગમે છે. સરસ લય, તાલની ઝાંઝરી પહેરી રૂમઝૂમ રૂમઝૂમ કરતી કવિતા ખુદ મન તો ભાવવિભોર કરે જ સાથે સાથે શ્રોતાઓને પણ પ્રેમથી સ્પર્શી જાય અને કદાચ એટલે જ કવિ દુનિયાનો સૌથી અમીર અને ભાગ્યશાળી વ્યક્તિ છે એમ કહું તો જરાય ખોટું નથી. સાતત્યપુર્ણ રીતે કરેલાં મારાં કવિકર્મનાં પરિપાકરૂપે 'નિસ્બત' ગઝલસંગ્રહ પ્રગટ થઈ રહ્યો છે, જે મારાં ભાવકોને ગમશે તો લખેલું સફળ છે.

મારી ગઝલ સાધનામાં હંમેશનાં પથદર્શક એવાં આ શહેરનાં સાથી ગઝલકારોને આ તકે પ્રેમથી સ્મરું છું. શ્રી ભગવતીકુમાર શર્મા, શ્રી નયન દેસાઈ, શ્રી રવીન્દ્ર પારેખ, શ્રી દિલીપ મોદી, શ્રી રઈશ મનીઆર, શ્રી કિરણસિંહ ચૌહાણ, શ્રી ધ્વનિલ પારેખ, શ્રી ગૌરાંગ ઠાકર, શ્રી મહેશ દાવડકર, શ્રી વિવેક ટેલર, સુશ્રી રીના મહેતા, સુશ્રી યામિની વ્યાસ અને હંમેશ સાથે રહેનાર સુશ્રી એષા દાદાવાલા.

પ્રસ્તાવના લખી આપનાર શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કિન', શ્રી મુકુલ ચોકસી, શ્રી બકુલેશ દેસાઈ, શ્રી હરીશ ઠક્કરનો પણ આભાર માનું એટલો ઓછો છે.

સરસ મઝાનું મુખપૃષ્ઠ બનાવી આપનાર શ્રી સંજય ચોકસીનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું તેમજ પ્રૂફરીડિંગ કરી આપનાર–ચીવટાઈનાં આગ્રહી એવાં શ્રી શરદભાઈ દેસાઈનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું.

સાહિત્ય સંગમ પ્રકાશન સંસ્થાના વડાશ્રી નાનુબાપા, શ્રી જનકભાઈ, શ્રી કિરીટભાઈ, સુશ્રી રેખાબેન તેમ જ સુશ્રી સ્વાતિબેનનો પણ આભાર માનું એટલો ઓછો છે.

આ ગઝલસંગ્રહમાં તરહી મુશાયરા માટે લખાયેલ ગઝલોમાં જે કવિઓની પંક્તિ ઉપર કામ કર્યું એવાં શ્રી મરીઝ, શ્રી ગની દહીંવાલા, શ્રી શોભિત દેસાઈ અને શ્રી રાજેશ વ્યાસને પણ પ્રેમપૂર્વક સ્મરી લઉં છું.

જેમણે મારાં પ્રસિદ્ધ ગીત–ગઝલ આલ્બમ 'સાતત્ય'ની રચનાઓનું પ્રસારણ કર્યું છે એવાં આકાશવાણી રેડિયો સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, મુંબઈ તેમ જ દૂરદર્શન–ચેનલ ગિરનાર અને સુરતની તમામ ચેનલોનો આભાર માનું છું. તમામ શિષ્ટ સામયિકો તેમજ તમામ અખબારનાં તંત્રીશ્રીઓનો પણ આભાર માનું છું.

બંને દિકરી જમાઈ ધ્વનિ–બંકિમ, ગતિ–ઋષિ, મારી બા તેમજ સમગ્ર પરિવાર, મારો સમગ્ર શાળા પરિવાર અને ભાવકોને પણ સ્મરી લઉં છું.

અંતે હંમેશના પથદર્શક હમસફર પતિ શ્રી દિપક વશીને માટે આભાર શબ્દ ટુંકોપણ પડે ને મોટો પણ છતાં આભારી તો રહીશ જ. મારાં જ લખેલાં અને મને ગમતાં કેટલાક શૅર રજૂ કરીને હું રજા લઈશ.

‘બધાં મ્હોરાં ફગાવીને હજી હમણાં જ આવી છું,
ભીતર ધૂણી જલાવીને હજી હમણાં જ આવી છું.
નકામો બોજ જીવનનો લઈને દોડતી’તી પણ,
સમયસર એ હટાવીને હજી હમણાં જ આવી છું.

●

તું કશો વિસ્ફોટ કર મારી ભીતર
મારું નિજી પોખરણ દઈ દે મને

●

તું શું જાણે મંદિરોમાં કેદ થઈ
કેમ કરતાં પુષ્પ તુજ માથે ચડ્યાં ?

– પ્રજ્ઞા દી. વશી

♦

અનુક્રમણિકા

# સર્જકતાનો હૂંફાળો તડકો

મારી સમક્ષ 'નિસ્બત'નાં ત્રીજી–ચોથી વખતનાં પ્રૂફ પડ્યાં છે. તેનાં કવયિત્રી પ્રજ્ઞા વશીએ પોતાની કાવ્યયાત્રા વય–સંદર્ભે કહીએ તો પચાસેક વર્ષની વયે શરૂ કરી હતી... બશર્તે એ પૂર્વનાં કાવ્યોને મનોયત્નો ગણીએ તો સુરતની જૂની છતાં સોના સમી ચમકતી ને મુલ્ય–વાન શાળામાં તેણે પ્રાથમિક વિભાગથી શરૂ કરીને ઉચ્ચતર માધ્યમિક વિભાગ સુધી ક્રમિક વિકાસ હાંસલ કરતાં કરતાં છેલ્લે છેલ્લે (કારકિર્દીની પરાકાષ્ઠા સમું ભલે, કાર્યકારી પરંતુ આચાર્યાપદ શોભાવીને પણ !) સાહિત્ય–સર્જન કર્યું છે, કરતાં આવ્યાં છે તે બાબતનો મારે સ–ગૌરવ ઉલ્લેખ કરવો છે. વાર્તા, નવલકથા, નાટકો, એકોક્તિ ઉપરાંત તેમનું કાવ્યક્ષેત્રે જે યોગદાન છે તેમાં તેમની ગઝલચર્યા સવિશેષ ઉલ્લેખનીય પ્રશંસનીય છે.

ઘરગૃહસ્થી, પડકારભરી નોકરી, સામાજિક વટ–વહેવારો ઉપરાંત તેમની આ ગદ્ય–પદ્યની દ્વિમુખી સર્જકસાધનાનું 'નિસ્બત'માં ઉંચું શર–સંધાન કરેલું જણાય છે. સંગીત–ગરબાપ્રવૃત્તિ–નાટ્યપ્રવૃત્તિ પણ આમાં ઉમેરો તો જણાશે કે તેમની સિસૃક્ષા અસ્ખલિત અને બેઉ કાંઠે વહેતી સરિતા સમી છે.

હું 33 વર્ષે એ જ શાળામાં શિક્ષણકાર્ય કરતો રહ્યો'તો જ્યાં તેણે પણ, મારા કાર્યકાળમાં મદદનીશ શિક્ષિકા તરીકે કામ કરીને મારી સાથે સાહિત્યચર્ચા કરી છે. જિજ્ઞાસાવૃત્તિ સાથે, નમ્રતા ને આદર સાથે જે કંઈ ભાથું મેળવ્યું છે તેનું બીજ 'સ્પન્દનવન' (2002) વવાયું પછી અન્ય ત્રણ કાવ્યસંગ્રહો બાદ 'નિસ્બત'માં પારિજાતનું શાનદાર વૃક્ષ બનેલું જણાય છે. 'નિસ્બત' વીશે આછો નિર્દેશ કરવા બેઠો છું ત્યારે મને સ્વ. મનહરલાલ ચોકસીનો એક શબ્દ– 'આમદ' યાદ આવે છે, સ્વયંસ્ફૂરણા, નૈસર્ગીક સર્જકતાનો ધસમસતો પ્રવાહ પ્રજ્ઞા વશીમાં છે તેનું અહીં તાદશ ઉદાહરણ મળે છે.

આ સંગ્રહમાંના બેત્રણ શૅરો જોઈએ :

પ્રેમને વિસ્તારવાનું સહેજ પણ સ્હેલું નથી
ને ઘૃણાને નાથવાનું સહેજ પણ સ્હેલું નથી

•

ઝરમરે જ્યાં મૌન હૈયે બેઉનાં,
બોલવાનું પરવડે ? વરસાદમાં ?

•

સારું હજી કે જીતનો ચડતો નથી નશો
ને હારમાં 'પ્રજ્ઞા' હજી કૈં લડખડી નથી.

પ્રથમ મત્લામાં પહેલાં તેમણે 'નફરતો' શબ્દ યોજેલ. તેને સ્થાને મારા સૂચનથી 'ઘૃણા' શબ્દ સ્વીકાર્યો હતો તે વાત એટલા માટે નોંધું છું કે તેમનામાં જે સાલસતા, ખુલ્લાપણું ને ગુણગ્રાહીતા છે તે મારી આસપાસના ભાગ્યે જ કોઈ ગઝલકારમાં મેં જોયાં છે. 'સ્પન્દનવન'માં તેમણે ત્યારના પરમાણુ–વિસ્ફોટ પરીક્ષણ વખતે જાણીતા બનેલ 'સ્થળનામ–' 'પોખરણ'નો વિનિયોગ કાફિયાલેખે કરી મને ચોંકાવી દીધો હતો. એ જ ધોરણે અહીં 'રાવણ–જાત' શબ્દ જોવા મળશે. 'સહેજ પણ સ્હેલું નથી', 'તમે ક્યાં છો ?', 'હજી હમણાં જ આવી છું', 'જેવું રદીફ વૈવિધ્ય' પણ આપણને પ્રસન્ન કરશે. એક સજગ, સક્ષમ માનૂની તરીકે તેમ જ સર્જક તરીકેની આ કવયિત્રીની ખુદ્દારી પણ ઠેર ઠેર જોવા મળશે.

અગાઉ સોનેટ, અછાંદસ, હાઈકુ વગેરે કાવ્યપ્રકારો અતિલેખનથી તેમનાં વ્યાપને ઊંડાણ ખોઈ બેઠાં હોવાની વાત સર્જન પ્રાચુર્યને લીધે ગવાઈ–વગોવાઈ ગઈ છે. ગઝલે પણ કંઈ ઓછાં આળ–આક્ષેપો અપવાદો વેઠ્યા નથી.

ચાલો, આપણે સૌ ગઝલકારો રૂપ–રંગ–અર્થ ભાવની અવનવી છટાઓ વિકસાવીએ... અન્ય સાથે તો ઠીક પણ પોતાની સાથેય નરવી ને ગરવી સ્પર્ધામાં ઉતરીએ.

... અને તો જ આપણી ગઝલ–નિસ્બત ઉજાગર થશે ને ‘નિસ્બત’ના પ્રાગટ્યને આવકારવાની પાત્રતા પામી શકાશે (‘મારા કિસ્સામાં તો ખાસ !’ એવી પ્રતીતિજન્ય, ભાવભરી અમીનજર કરી આ કવયિત્રીને આવકારીએ... અભિનંદન પણ પાઠવીએ.

અસ્તુ.

**તારીખ :** 08–09–2014

**– બકુલેશ દેસાઈ**

**ઈ.મેઈલ :** beedeesai@gmail.com

♦

અનુક્રમણિકા

# પ્રેમને વિસ્તારવાનું સહેજ પણ સ્હેલું નથી...

## પ્રજ્ઞા વશીની આ ગઝલો

તળાવના જંપેલા જળ ઉપર ચંદ્ર જોવો ખૂબ ગમે. સુંદર તળાવ, તળાવની આસપાસ વૃક્ષો, સુંદર વાતાવરણ અને પાણીમાં તરતો ચંદ્ર...કિનારે ઉભા ઉભા આ બધું જોવું ગમે પણ... જેવો એ ચંદ્રને લેવા માટે હાથ લંબાવીએ છીએ કે તરત ચન્દ્ર વિખેરાઈ જાય છે. પાણી ઉપર તરતો ચંદ્ર નહોતો, માત્ર ચંદ્રનું પ્રતિબિંબ હતું. પાણી ઉપર તરતા ચંદ્રને જોઈને તળાવમાં કૂદી પડવા માટે ઉત્સુક થઈ ગયેલાં મનને અનુભવ વગર રોકી ના શકાય. આ ક્ષણે એક બીજી વાત યાદ આવી રહી છે – આપણે ઈચ્છતા હોઈએ છીએ કે આપણો પ્રેમ સમગ્ર વીશ્વમાં વિસ્તરે પણ ખરેખર તો આપણા કુટુંબ અને પરિચિતો સુધી વિસ્તરે તો પણ એ ઘણી મોટી સિદ્ધિ ગણી શકાય.

કાફિયા, રદીફ, મત્લા, મક્તા, છંદ – બધું બરાબર હોય છતાં એ શબ્દનાં તળાવમાં માત્ર ગઝલનું પ્રતિબિંબ હોય છે. ગઝલ સિદ્ધ થવી એ બહુ મોટી વાત છે. જીવનમાં એકાદ ગઝલ સિદ્ધ થઈ જાય, એકાદ શૅર સિદ્ધ થઈ જાય એ જિંદગીની સફળતા છે. તળાવમાં દેખાતો ચંદ્ર એ ખરેખર ચંદ્ર નથી, ચંદ્રનું પ્રતિબિંબ છે. એનો અર્થ એ ખરો કે ચંદ્રનું અસ્તિત્વ છે, ભલે તળાવમાં ના હોય, પણ આકાશમાં તો છે જ. એ જ રીતે લખાયેલી ગઝલોમાં જ્યારે જ્યારે સર્જકતા જંપીને સ્થિર થઈ ગઈ હોય ત્યારે ત્યારે શુદ્ધ ગઝલનું પ્રતિબિંબ ઝીલાયું હોય છે. એ ગઝલિયત, એ શેરિયત પ્રતિબિંબ જેવા છે. પ્રત્યેક ગઝલકાર એ અસલી ચંદ્રની, એ અસલી ગઝલની શોધમાં હોય છે.

પ્રેમને વિસ્તારવાનું સહેજ પણ સ્હેલું નથી,
ને ઘૃણાને નાથવાનું સહેજ પણ સ્હેલું નથી.

*

વરસતી સાંજ વ્હેતી ક્ષણ હૃદય બેબસ તમે ક્યાં છો ?
ભીતર છે આગ એવી કે બની પરવશ, તમે ક્યાં છો ?

*

જ્યાં જવાનું હોય છે ત્યાં, ક્યાં જવાતું હોય છે,
ને અગર પ્હોંચો છતાં, ત્યાં મન મૂંઝાતું હોય છે.

પ્રજ્ઞા દી. વશી સુરતના ગઝલકારોમાં ધીમું પણ મક્કમતાથી સર્જન કરી રહ્યાં છે. તેમની સર્જકતા ગઝલનાં સ્વરુપને પામવાનો જે પ્રયત્ન કરી રહી છે તે અભીનંદનીય છે. ગઝલના સ્વરુપની એક વિશેષતા છે, જે તેને સમર્પિત થઈને નિષ્ઠાથી સર્જનમાં કાર્યરત રહે છે તેને ગઝલ ફળે જ છે. તેઓ ગઝલને આવી નિષ્ઠાથી સમર્પિત રહેશે એવી આશા બંધાય છે. આ પ્રસંગે પ્રજ્ઞાબહેનને ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને અભીનંદન.

–રાજેશ વ્યાસ ‘મિસ્કીન’

♦

અનુક્રમણિકા

# WORTHY DAUGHTERS SPEAK OF WORTHY MOTHER

To know Pragna D. Vashi as a writer, I Think one should look back in the past as her being Pravina R. desai. She belongs to a small village but inspite of all unfavorable background and barriers; she has been a versatile student in her school and college career. She has been much close to all forms of fine arts: right from drama to singing and this can be seen into her writings which reflect the carried experience of her.

We sister have always found her just note as mother but also supporting system in the family. Throughout her life she has fought may battles and every time her determination and consistency have given her victory. The inspiration that we sister are getting from her till now, the same way, we hope that her works of art are going to touch her readers too.

dhvanibmehta@yahoo.co.in Dhvani Mehta, Canada

Gati82@gmail.com GatiVashi, NJ, USA

♦

અનુક્રમણિકા

## 'ગઝલમાં જ પ્રજ્ઞા ! પ્રકાશિત થવાનું'

પ્રજ્ઞાબેન ટી. એન્ડ ટી. વી. હાઇસ્કૂલનાં આચાર્યા છે, કે બહુમુખી પ્રતિભાવાન સાહિત્યકાર છે, કે વિવિધ કલાઓમાં એમની ઊંડી અભિરુચિ છે એવું ઘણું બધું કહ્યા પછી પણ એમની ઓળખ અધૂરી રહી જાય છે. તે એ કે તેઓ અસ્સલ અનાવિલ સન્નારી છે. જેનો એક આગવો મિજાજ હોય છે અને આ મિજાજ જ ગઝલમાં પ્રજ્ઞાબેનને અનોખું સ્થાન અપાવે છે. પ્રજ્ઞાબેનની ગઝલનો મિજાજ કેવો છે ? એમનાં સંગ્રહમાંથી પસાર થતાં ઊડીને આંખે વળગે છે તે એમનો વિદ્રોહ ! દંભ, સામાજિક વિષમતા અને વિસંવાદિતા, નારીનું શોષણ, મૂલ્યોના હ્રાસ, શહેરી જીવન, વગેરે બાબતે એમની અકળામણ છૂપી નથી રહેતી, જોકે એમાં કલાત્મક સંયમ છે, જે આપણને વાગે નહીં પણ સ્પર્શી અચૂક જાય ! આ શે'ર જુઓ :

અને,

'ઝુલાવે જો કોઈ હું ઊંઘુ નિરાંતે,  
ફરી હિંચકો કોઈ બાંધે ફળીમાં.'

ગઝલ એ એવો કાવ્ય પ્રકાર છે, જેમાં શું કહો છો તે મહત્વનું નથી, કઈ રીતે કહો છો તે મહત્વનું છે. સંવેદના જેટલી સૂક્ષ્મ અને રજૂઆત જેટલી અનોખી, તેટલી શે'રની મજા વધારે ! આ, જે અંદાજે બયાં છે તેમાંથી જ મિજાજ પ્રગટે છે. પ્રજ્ઞાબેનનો મિજાજ કંઈક આવો છે !

'તારી 'હા'માં 'હા' મિલાવી, છો જગત ચાલ્યા કરે,  
મારી 'ના' ઉવેખવાનું સ્હેજ પણ સહેલું નથી !'

તો,

'જીવનમાં નાના પ્રશ્નો પણ લાગે મોટા પર્વત છે
પણ લડવામાં એની સામે કેવી ભારે રંગત છે !'

અને આ મત્લા,

મારું ન હો સુકાન, મને પરવડે નહીં,
ને ના રહું સભાન, મને પરવડે નહીં,

તગઝઝૂલ એ ગઝલનો મુખ્ય રંગ છે અને પરવીન શાકીર જેવા અપવાદો બાદ કરતાં તગઝઝૂલનાં શે'ર આપણને કવિઓ પાસેથી જ મળ્યા છે કવયિત્રીઓ આ રંગને જ્યારે પ્રગટ કરે ત્યારે કઈ રીતે કરે ?

'ફૂલ ભમરાને કહે કે આવ, તું !
શક્ય હો તો કંઈ પણ કારણ વગર'

ફૂલને ખબર છે કે ભમરો એની સુંદરતાથી લોભાઈને જ આવે છે. પણ પુષ્પનું પુષ્પત્વ કેવળ એનું બાહ્ય સૌંદર્ય નથી બીજું ઘણું બધું છે.

સ્ત્રીસહજ પ્રણય અભિવ્યક્તિનો આ બીજો શે'ર જુઓ.

રાતભર પાસે હતાં શ્વાસો છતાં,
જાગ્યા નહીં સંવેદનો કંકણ વગર.

કંકણ તો જ રણકે, જો સંવેદનાના તાર રણઝણે ! એક જ ગઝલનાં તગઝઝૂલનાં આ ત્રણ શે'ર પણ માણવા જેવા છે. જેમાં સ્ત્રી પુરુષની પ્રણય અભિવ્યક્તિનો તફાવત એકદમ સ્પષ્ટ થઈ જાય છે.

બીજ છે તો એવી રીતે વાવીએ.
આંખની ભીનાશમાં રોપાવીએ.

પ્રેમને મેં નામ દેવા જ્યાં કહ્યું
એ કહે, ચલ, પાંપણે ત્રોફાવીએ !

એ કહે, ઝાંખો પડે જો પ્રેમ તો ?
મેં કહ્યું કે, લે ફરી મંજાવીએ !

અહીંયા 'મંજાવીએ' કાફિયો કવયિત્રી જ વાપરી શકે, કવિઓનું એ કામ નહીં ! આંખની ભીનાશમાં પ્રેમનું બીજ વાવવાની અને 'નામ'ને પાંપણે ત્રોફાવવાની કલ્પના અને હિંમત કવયિત્રી જ કરી શકે !

'ઘર' એ સ્ત્રીઓ માટે સર્વસ્વ હોય છે. 'ઘર બનાવ્યું છે.' જેવી રદીફ વાપરીને ઘર બનાવવા માટે તેઓ શું કરે છે એ જુઓ.

પવનથી પાતળી ક્ષણમાં ખૂંપીને ઘર બનાવ્યું છે
જીવનની આગવી ક્ષણને ટૂંપીને ઘર બનાવ્યું છે

ખબર ક્યાં કે ગમે ત્યારે પડે પથ્થર હવામાંથી
મેં પાયામાં જ પથ્થરને મૂકીને ઘર બનાવ્યું છે

પવનથી પાતળી ક્ષણ એટલે ? ક્ષણાર્ધ ? કે ઝડપથી સરી જતો સમય ? અને જીવનની આગવી ક્ષણને ટૂંપીને, એટલે મનગમતી બધી ખુશીઓનો બલિ ચડાવીને ? પરણી જાય પછી સ્ત્રી, સ્ત્રી કેટલી રહે છે ? એ પત્ની, વહુ, કાકી, મામી બની જાય છે. અને એમાં એની ઘણીખરી ખુશીનું બલિદાન લેવાઈ જાય છે અને સંબંધો સચવાતા જાય છે, ઘર મોટું બનતું જાય છે.

અને અંતે તો,

'મોટા ઘરો હતાં છતાં ખૂણો નસીબ ક્યાં ?
ને એ છતાં 'મા' હેતને છલકાવી રહે.'

પોતાની નાની નાની ખુશીઓની બલિ પર ચણાયેલા એ મોટા ઘરમાં પણ પાછલી અવસ્થામાં તો એને ખૂણો પણ નસીબ નથી થતો.

તો આ સંગ્રહમાં કવયિત્રીની નારી સહજ સંવેદના તમને દીકરી પ્રિયતમા, પત્ની અને મા સ્વરૂપે પણ મ્હોરતી જોવા મળે છે !

'વાટકી વહેવાર' જેવો શબ્દ પણ એકકવયિત્રી જ સુંદર રીતે પ્રયોજી શકે...

'આપ–લેનો ક્યાં કશો અણસાર છે ?
વૃક્ષ સાથે વાટકી વહેવાર છે.'

પ્રજ્ઞાબેને 'મક્તા'માં પોતાનાં નામનો પણ બેખૂબી ઉપયોગ કરી જાણ્યો છે.

'છે એક એનું તેજ કે જે હોય ના અગર,
'પ્રજ્ઞા' વિના શું જિંદગી આવે, પ્રકાશમાં ?'

અને,

'બને ભાવિ ઝળહળ અમાસી નિશામાં
મળે જેને પ્રજ્ઞા ભીતરમાં વસેલી !'

પ્રજ્ઞાબેનનો પ્રથમ કાવ્યસંગ્રહ 'સ્પન્દનવન' (ગઝલ, ગીત, અછાંદસ), બીજો ગઝલસંગ્રહ 'આકાશે અક્ષર', ત્રીજો ગીતસંગ્રહ 'શ્વાસ સજાવી બેઠાં', ચોથો બાળગીત સંગ્રહ 'પિકનિક પર્વ' અને આ પાંચમો ગઝલસંગ્રહ 'નિસ્બત' હવે આપણી સમક્ષ છે.

'નિસ્બત'માં એમની ગઝલ સાથેની ગાઢ નિસ્બત છતી થાય છે. હવે તે નવી નવી રદીફો પર કામ કરે છે. પ્રચલિત એવા લગભગ તમામ છંદમાં તેમણે ગઝલ કહી છે. ન કેવળ નારીપ્રધાન, પરંતુ 'શેરિયત'ની રીતે ઉત્તમ કહી શકાય તેવા ઘણાં બધા શે'ર અને સંઘેડાઉતાર ગઝલ અઅ સંગ્રહમાંથી મળેછે.

'મને એટલી ખુશી કે ઉગે સૂર્ય તારે ગામે,
ભલે હું કિનારે પહોંચી જરી આથમી ગયો છું.'

આ શે'ર થોડા સંદર્ભથી પામી શકાય એવો છે. સંતાન માટે કહેવાયેલો શે'ર છે. જ્યારે આપણો સૂર્ય આથમવામાં હોય છે ત્યારે આપણા સંતાનનો સૂર્ય ઉગતો હોય છે. વિદેશ વસતા સંતાનો પર આ શે'ર કેટલો બંધબેસતો છે !

સમગ્ર કથનનો સાર એટલો જ કે 'નિસ્બત' સંગ્રહથી ગઝલ સાથેની પ્રજ્ઞાબેનની નિસ્બત પ્રગાઢપણે છતી થઈ છે અને સર્જક તરીકે સવાયા થઈને તેઓ બહાર આવ્યા છે, એટલે જ એ કહે છે કે,

'શબ્દ સાથે હર ક્ષણે જીવી મરી
આ હયાતી એટલે થઈ ગઈ અમર'

અને

ગઝલને હ્રદયથી તું ચાહે છે તેથી,
ગઝલમાં જ પ્રજ્ઞા ! પ્રકાશિત થવાનું

– ડૉ. હરીશ ઠક્કર

♦

અનુક્રમણિકા

## ઈ.ગઝલસંગ્રહ 'નિસ્બત' ને આવકાર

## ગઝલ મારો શ્વાસ છે...

"કવિતા એ પ્રેમનું વિશ્વ છે, કવિતા એ સંબંધોને જોડતી કડી છે અને કવિતા એ આત્માનો અવાજ પણ છે કદાચ એટલે જ કવિતાને હું શ્વસું છું, કવિતાને હું જીવી છું."

"ગઝલને હૃદયથી તું ચાહે છે તેથી
ગઝલમાં જ પ્રજ્ઞા ! પ્રકાશિત થવાનું"

*

"શબ્દ સાથે હર ક્ષણે જીવી મરી
આ હયાતી એટલે થઈ ગઈ અમર"

આમ તો હું ત્રીસ વર્ષ પહેલાં કવિતા જગતમાં પ્રવેશી ચૂકી હતી... પણ ગઝલના છંદ હું સાહિત્ય સંગમમાં યોજાતી ગઝલ બેઠકોમાં શીખી અને પછી તો શ્રી બકુલેશભાઈ, શ્રી નયનભાઈ, શ્રી મનહરભાઈ, શ્રી રવીન્દ્રભાઈ અને સુરત શહેરના દરેક માતબર ગઝલકારો પાસે હું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ગઝલ શીખતી રહી તેમ જ લખતી રહી અને એ ક્યારે મારાં શ્વાસમાં વણાઈ ગઈ ખબર પણ ના પડી...

પ્રથમ ગઝલસંગ્રહ 'સ્પન્દન વન' પછી 'આકાશે અક્ષર' પછી 'ગઝલે સુરત' સંયુક્તસંગ્રહ, 'શ્વાસ સજાવી બેઠાં' ગીત સંગ્રહ, 'પિકનિક પર્વ' બાળગીત સંગ્રહ અને હવે 'નિસ્બત' ઈ.ગઝલસંગ્રહ રૂપે વૈશ્વિક ફલક બની વિશ્વભરમાં પહોંચવાનો છે એનો આનંદ તો અનન્ય જ હોય શકે.

'નિસ્બત' ગઝલસંગ્રહ માટે પ્રસ્તાવના લખી આપનાર કવિશ્રી મુકુલ ચોકસી, કવિશ્રી રાજેશ વ્યાસ, કવિશ્રી હરીશ ઠક્કર તેમ જ કવિશ્રી બકુલેશ

દેસાઈનો તેમ જ પ્રકાશક અને સાહિત્યકાર શ્રી જનક નાયકનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું.

મારા હરહંમેશના હમસફર સાથી શ્રી દીપક વશી, દીકરી ધ્વની અને ગતિ, બંકીમકુમાર, ઋષિકુમાર, પર્વ, બા તેમ જ મારા બંને પરિવારને તો કેમ ભૂલી શકાય ? પ્રૂફરીડર શ્રી શરદ દેસાઈ, તમામ સામયિકો, અખબારો, ટી.વી. ચેનલો, રેડિયો સ્ટેશનો, સાહિત્ય સંગમ તેમ જ વડીલશ્રી નાનુબાપા અને સખી એષા દાદાવાલા, રીના મહેતા, યામિની વ્યાસ અને શ્રી સંજય ચોકસીને આ તકે સ્મરી હું આ ઈ.ગઝલોને એક મુક્ત વૈશ્વિક શબ્દાકાશમાં વિહરવા માટેની અભિનંદનની ભીની ભીની લાગણી અનુભવું છું.

સૌથી વિશેષ આભાર ઈ.ગઝલસંગ્રહના કર્તાહર્તા શ્રી ગોવિંદ મારુનો પણ ખૂબ ખૂબ આભાર માનીને વિરમીશ...

આભાર.




**પ્રજ્ઞા દીપક વશી**

**સાહિત્યકાર–કવયિત્રી**

તારીખ : 07-03-2016

**મહા શિવરાત્રી**

**•સરનામું•**

Pragna Dipak Vashi

A/02, Silver Palm Appartment

Kadampally Society

Above ICICI Bank

Nanpura, Surat - 395 001

e.mail: pdvashi@gmail.com

Mob: +91 92283 31151


અનુક્રમણિકા

# 000

# અનુક્રમ

'ગઝલનું શીર્ષક' કૉલમમાં આપની પસંદગીની ગઝલ પર ક્લીક કરતાં જ તે ગઝલનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક ગઝલના અન્તે લખવામાં આવેલ 'અનુક્રમણિકા' શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણિકા ખુલશે. આ સુવિધાનો લાભ લેવા વીનન્તી છે.


| ક્રમ | ગઝલનું શીર્ષક | પાન ક્રમાંક |
|---|---|---|
| 01 | સહેજ પણ સ્હેલું નથી... | 028 |
| 02 | તમે ક્યાં છો ? | 029 |
| 03 | મજા ક્યાં છે ? | 030 |
| 04 | વરસાદમાં..... | 031 |
| 05 | ક્યાંક તો ખામી હશે... | 032 |
| 06 | સંકેલો હવે | 033 |
| 07 | મૂરત મને આપો | 034 |
| 08 | એકાન્ત થઈ ચાલ્યા | 035 |
| 09 | દાખલો ત્યારે જ ખોટો હોય છે | 036 |
| 10 | એવું નથી કે... | 037 |
| 11 | હજી હમણાં જ આવી છું | 038 |
| 12 | આમ જુઓ તો... | 039 |
| 13 | ક્યાં જવાતું હોય છે... | 040 |
| 14 | પડકારતી રહે... | 041 |
| 15 | પળેપળને જીવી જવાના... | 042 |
| 16 | મોતીને રોપ્યાં કર્યું... | 043 |
| 17 | તકલીફ જેવું કૈં નથી... | 044 |
| 18 | નથી કોઈ કરવો... | 045 |
| 19 | રણઝણતી લાગે છે | 046 |
| 20 | સહી કરી દેજે | 047 |
| 21 | ઇચ્છા પછી | 048 |
| 22 | બજારો ભરું છું | 049 |

| | | |
|---|---|---|
| 23 | વાંસળીમાં… | 050 |
| 24 | કેસૂડો ઘોડે ચડીને… | 051 |
| 25 | જ્યારે બેઠી… | 052 |
| 26 | કહે ના કહે આંખ… | 053 |
| 27 | એકાંતવાસી હોય છે… | 054 |
| 28 | વિચારું છું… | 055 |
| 29 | ભીંજાણી હોય છે | 056 |
| 30 | નોતરો વરસાદમાં… | 057 |
| 31 | બે ઘડી આ પૂર… | 058 |
| 32 | ઘર બનાવ્યું છે | 059 |
| 33 | કેશવ મળે… | 060 |
| 34 | નાના પ્રશ્નો પણ… | 061 |
| 35 | તમે સ્હેજ સ્મિત વેર્યું… | 062 |
| 36 | હરપળ ભીતર વરસાદ જેવું… | 063 |
| 37 | ભારણ વગર… | 064 |
| 38 | કેવી રીતે વાવીએ ?… | 065 |
| 39 | દોડતો કેવો રહ્યો… | 066 |
| 40 | આગળ પાછળ | 067 |
| 41 | જોઈએ | 068 |
| 42 | ઇશ્વર થવું નથી | 069 |
| 43 | પુરવાર કર… | 070 |
| 44 | નકામાં ‘હું’ પણાંનાં ભારને… | 071 |
| 45 | હોય છે… | 072 |
| 46 | માન્ય રાખે છે… | 073 |
| 47 | સ્થાપિત થવાનું | 074 |
| 48 | આમ–તેમ | 075 |
| 49 | ચાલી જાય છે રાહી… | 076 |
| 50 | મારાથી નહિ બને… | 077 |
| 51 | વ્હેંચાય તો ઘણું… | 078 |
| 52 | ખોટી મમત | 079 |
| 53 | મને પરવડે નહીં… | 080 |

| | | |
|---|---|---|
| 54 | મકાન છે... | 081 |
| 55 | ભટકવાનું થયું પાછું | 082 |
| 56 | ફૂટી ગઈ... | 083 |
| 57 | વિદ્યાર્થીઓની વિદાયવેળાએ | 084 |
| 58 | રાહ જોઈ બેઠી છું... | 085 |
| 59 | જોવું ન ગમે એ જ તો | 086 |
| 60 | કોઈ શું કરે ? | 087 |
| 61 | કેવી સિફતથી | 088 |
| 62 | એક ગાંધી જોઈએ... | 089 |
| 63 | જીવતર ભ્રામક વધારે... | 090 |
| 64 | વાવતાં નથી... | 091 |
| 65 | તે છેતરી જવાનો... | 092 |
| 66 | ઉપેક્ષા કરું છું | 093 |
| 67 | ૐકાર કર | 094 |
| 68 | વાગોળતો હતો... | 095 |
| 69 | જિંદગીની બાંધણી સમજી લીધી... | 096 |
| 70 | નાદને આછો ઉઘાડ તું... | 097 |
| 71 | સંભળાવ તું | 098 |
| 72 | પછીની વાત છે | 099 |
| 73 | પ્રમાણી હોય છે | 100 |
| 74 | જિંદગી બદલાઈ ગઈ | 101 |
| 75 | સાવ ખોટું થાય ને... | 102 |
| 76 | વાત મારી સાવ ખુલ્લી | 103 |
| 77 | જીવતરને પીલવા જેવું નથી | 104 |
| 78 | લે ! તું પલળી જોઈ લે વરસાદમાં | 105 |
| 79 | લે ગઝલ વિચાર, આરંભાય છે વરસાદમાં... | 106 |
| 80 | ના પૂછવું હતું છતાં | 107 |
| 81 | ઘર શ્વાસનું જીવંત | 108 |
| 82 | ‘હું’ની વચ્ચેથી નીકળવાનું ઘણું મુશ્કેલ છે | 109 |
| 83 | જીવી જવું જ હોય જો | 110 |
| 84 | તર્કની કૈં સદી વટાવી છે | 111 |

| | | |
|---|---|---|
| 85 | હર પળેપળ કેમ કચવાતું રહે | 112 |
| 86 | ન જાસો આપીએ | 113 |
| 87 | રીત નથી કૈં એ પણ ખોટી | 114 |
| 88 | શ્વાસમાં યાદો ભરીને બેઠી છું | 115 |
| 89 | જિંદગીના મંચ પર મંચન કર્યું છે એટલે | 116 |
| 90 | સમી સાંજે સૂરજને રોજ | 117 |
| 91 | મારી હતી જે ભૂલ એ જોવા મથું છું હું | 118 |
| 92 | પાર જાઉં છું | 119 |
| 93 | દર્દ જાણે ફરાર લાગે છે | 120 |
| 94 | અમે રસ્તો હમેશાં અન્યથી | 121 |
| 95 | વૃક્ષ સાથે વાટકી વહેવાર છે | 122 |
| 96 | ક્ષણને વ્રણની વચ્ચે ફરવું તારા વશની વાત નથી | 123 |
| 97 | એ કામ માળીએ જ સમજાવી જવા જેવું હતું | 124 |
| 98 | જીવન જેને ન આવ્યું રાસ | 125 |
| 99 | ભીંતને પણ… | 126 |
| 100 | તૂટેલો બંધ છું… | 127 |
| 101 | નકારી જાઉં હું… | 128 |
| 102 | શિક્ષકની વિદાય | 129 |
| 103 | અહમ્ ને એમ ઓગાળીએ | 130 |
| 104 | હું કમાઈ, પણ રહી નુકસાનમાં | 131 |
| 105 | અંતિમ ટાઈટલ પેજ | 132 |


♦

**001**

# સહેજ પણ સ્હેલું નથી...

પ્રેમને વિસ્તારવાનું સહેજ પણ સ્હેલું નથી,
ને ઘૃણાને નાથવાનું સહેજ પણ સ્હેલું નથી.

પ્રશ્ન ઊભો એક મારો જ્યાં હવે અસ્તિત્વનો,
ત્યાં તને આકારવાનું સહેજ પણ સ્હેલું નથી.

ભીતરે ડૂમો છુપાવી ક્યાં સુધી હસવું ભલાં ?
રોતી આંખે બોલવાનું સહેજ પણ સ્હેલું નથી.

આંગળી પકડી ઉછેર્યાં ને સીંચ્યું જળ પ્રેમનું,
છોડ એ ઊખેડવાનું સહેજ પણ સ્હેલું નથી.

દુશ્મનોની ભીડમાં એક મિત્રને જોયા પછી,
મિત્રતા નિભાવવાનું સહેજ પણ સ્હેલું નથી.

ક્યાં છે અઘરું ન્યાય કરવો આંખે પાટા બાંધીને ?
જુલ્મને સહેતા જવાનું સહેજ પણ સ્હેલું નથી.

♦

અનુક્રમણિકા

002

## તમે ક્યાં છો ?

વરસતી સાંજ વ્હેતી ક્ષણ હૃદય બેબસ તમે ક્યાં છો ?
ભીતર છે આગ એવી કે બની પરવશ, તમે ક્યાં છો ?

વિરહની ડાળે બેસી એક કોયલ જ્યાં ટહૂકી ત્યાં,
ખુંચે વૈશાખનો પગરવ બની કર્કશ, તમે ક્યાં છો ?

હજી તો આગને ના સાંપડ્યો વેરી પવનનો સાથ,
છતાં તણખો બને છે યાદનો આતશ, તમે ક્યાં છો ?

પ્રવાસી પ્રેમની છું ને આ યાદી કૈં મુકામોની,
વચાળે તમને મળવાનું કરું સાહસ, તમે ક્યાં છો ?

મને વરસાદ ગમતો એનો મતલબ એ થયો, પ્રિયે,
જગત આખું બને છે પ્રેમરસ, સારસ, તમે ક્યાં છો ?

♦

અનુક્રમણિકા

003

## મજા ક્યાં છે ?

નથી જન્મોથી સૂતી શ્વાસની સડકો, મજા ક્યાં છે ?
હજી સંવેદના સ્ફોટક, નહીં અડકો, મજા ક્યાં છે ?

ઉથલ–પાથલ કરી ક્યાં છે અમે કૈં પ્રેમ નફરતની,
પછી શ્વાસો કરે છે કેમનો ભડકો, મજા ક્યાં છે ?

તળેટીમાં ઊભી છું સ્વપ્ન જોતી પ્હાડનું હું પણ,
મને મારાંથી કાઢી બહાર જૈ ખડકો, મજા ક્યાં છે ?

ધુમાતું કેટલા દી' થી અહીં ભીતર ને સળગે નહીં,
મેં મારે હાથ ત્યાં ચાપી દીધો ભડકો, મજા ક્યાં છે ?

છે કેવો મંચ કે જ્યાં દેવ, દાનવ એક મ્હોરામાં,
પડે ઓળખ ખરી ત્યાં તો પડે પડદો, મજા ક્યાં છે ?

હજી હરણીની આંખે માંડ ફૂટ્યું દુન્યવી ઝાકળ,
બની હેવાન લૂંટે આસુરી તડકો, મજા ક્યાં છે ?

વિરાસતમાં મળી મુજ શ્વાસને શ્વસવા નરી આંધી,
હવે વરસાદ શું ? કે સૂર્યનો તડકો, મજા ક્યાં છે ?

અનુક્રમણિકા

004

## વરસાદમાં.....

વીતી પળ જ્યાં સાંપડે વરસાદમાં,
છાનું ભીતર ત્યાં રડે વરસાદમાં.

ઝાપટાં પર ઝાપટાં પર ઝાપટાં,
યાદના રેલા દડે વરસાદમાં.

એક છત્રીમાં જો બે જણ હોય તો,
ચાર આંખો આથડે વરસાદમાં.

ઝરમરે જ્યાં મૌન હૈયે બેઉનાં,
બોલવાનું પરવડે ? વરસાદમાં ?

સાંજને નક્કી પ્રતીક્ષા કોઈની,
થાકી બેઠી બાંકડે વરસાદમાં.

આવવા અણસાર કરતી, તું – પછી,
શ્વાસ ધબકે આંકડે વરસાદમાં.

દૂર દેશે તું સજાવે ડાળ ને,
મૂળ એનાં અહીં જડે વરસાદમાં.

♦

અનુક્રમણિકા

**005**

## ક્યાંક તો ખામી હશે...

ક્યાંક તો ખામી હશે ઉછેર કે સંસ્કારમાં,
બાળવયમાં આત્મહત્યા નાની અમથી હારમાં !?

ગીત આઝાદી તણાં ગાશું અમે આ પળ પછી,
આવનારી પળ પછી આવી નહીં અંજારમાં.

શ્વાસ ફફડે કેમ આછા આ સદીની ઊપજે ?
'સ્વ'ને મૂકી ગીરવે શું શસ્ત્રનાં ઓથારમાં ?

કાશી–કાબા ના કર્યાનો સ્હેજ પણ અફસોસ ક્યાં ?
પકડી, મેં તો, આંગળી, લાચારની, સંસારમાં.

હોળી સળગાવી પછી જળ છાંટનારા હે, વીરો !
કૈં સદીથી કેમ હોલિકા બળે અંગારમાં ?

ભૂખ શું છે જાણવા બસ હાથ લંબાવી જુઓ,
કૈં ગરીબો જીવી જાશે મુઠ્ઠીભર જુવારમાં.

કૈં નદીને એક સાથે બાથમાં લઈ દોડતો,
જાણે શું એ વધશે મોટપ પ્રેમ ને સત્કારમાં.

♦

અનુક્રમણિકા

**006**

## સંકેલો હવે

દુશ્મનીના હાથ સંકેલો હવે,
ખંજરોના નાચ સંકેલો હવે.

આપણું આ ઘર પછી ઘર ના રહે,
સુપ્ત રાવણજાત સંકેલો હવે.

ક્યાં મળે પગરવ પછી ઇન્સાનના,
થોડી વાનરજાત સંકેલો હવે.

કૈંક અફવા, ગીધ થૈ ઘટના ચૂંથે,
ઘાત–પ્રત્યાઘાત સંકેલો હવે.

આહ, નિઃશ્વાસો નથી મંજૂર તો,
નફરતી સોગાત સંકેલો હવે.

છે ક્ષણિક, મોંઘામૂલી આ જિંદગી,
'હું'પણાનો નાદ સંકેલો હવે.

♦

અનુક્રમણિકા

007

# મૂરત મને આપો

ગમે તેવી સ્થિતિ હો એક એ કિસ્મત મને આપો,
હું 'મા'ના ખોળે હળવી થાઉં એ રાહત મને આપો.

હતી એ જ્યાં સુધી સાથે, નહીં જાણી કદર એની,
પડે દુ:ખો છતાં હસતી ભલી મૂરત મને આપો.

હું પગલી ધૂળમાં માંડી, ભલે પહોંચી અહીં સુધી,
સફળ થાઉં જ્યાં પહોંચીને ખરી ચાહત મને આપો.

સતત જીતી જવાની દોડમાં હારી લીધું તો પણ,
ખૂટે શ્રદ્ધા જીવન તરફી ન એ નફરત મને આપો.

ચરણ રસ્તા અને આ આભ પણ છોને તમે લઈ લો,
હું જ્યાં પહોંચી શકું એ લક્ષ્યની આરત મને આપો.

અમે 'પ્રજ્ઞા'ને બદલે ક્યાં કદી માંગ્યું છે એવું કે ?
લઈ લો રૂપ મારું, મા સમી સૂરત મને આપો.

પંક્તિ સૌજન્ય : 'ગની' દહીંવાલા

♦

અનુક્રમણિકા

**008**

# એકાન્ત થઈ ચાલ્યા

મુસીબતને હસી નાખીને શ્વાસો શાંત થઈ ચાલ્યા,
એ ભજવાયા વિના સીધા જ લ્યો, કરુણાંત થઈ ચાલ્યા.

સરળ રીતે શીખવવાનો કર્યો તો એમણે દાવો,
જીવનની આંટીઘૂંટી ખોલતાં દૃષ્ટાંત થઈ ચાલ્યા.

જે સામે છે એ સાચું છે, એ સ્વીકારી લીધું એથી,
સમયનાં વ્હેણ સામે પણ જુઓ, નિભ્રાન્ત થઈ ચાલ્યા.

હતી દીવાનગી એવી કે મૃગજળનેય પડકારું,
અચાનક કેમ સરતી રેત સંગ સંક્રાન્ત થઈ ચાલ્યા.

સવારે સાવ સૂને ટોડલે આવીને બેઠો કાગ,
છતાં શંકા હતી તેથી અમે એકાંત થઈ ચાલ્યા.

♦

અનુક્રમણિકા

009

## દાખલો ત્યારે જ ખોટો હોય છે

દાખલો ત્યારે જ ખોટો હોય છે,
જ્યારે ગણવા પર ભરોસો હોય છે.

ત્યાં જ્યાં તૈયાર લોકો હોય છે,
જીવવા જ્યાં એક મોકો હોય છે.

તૃપ્ત છે તું એટલે ક્યાંથી ખબર,
પ્રેમ માનો સાવ નોખો હોય છે.

દો લૂંટાવી ને છતાં વધતી રહે,
ક્યાં હવે એવી ગરાસો હોય છે.

વાત ટોળાની હતી બસ એટલે,
કોને દેવાનો ખુલાસો હોય છે.

સાવ જુઠ્ઠા ગામે ના પૂરવાર થા,
છો ને તું ત્યાં સાવ સાચો હોય છે.

કોઈ પણ આવીને કાપી જાય જ્યાં,
જિંદગીનો દોર કાચો હોય છે.

બોલવું પણ ક્યાં જરુરી પ્રેમમાં,
આંખનો મર્મી ઇશારો હોય છે.

અનુક્રમણિકા

**010**

## એવું નથી કે...

એવું નથી કે સર્વને આફત નડી નથી,
બસ એક એવી હું હતી નજરે ચડી નથી.

સૂરજને સામે ચાલીને કહેશો નહીં કદી,
તારા વિના જિવાય, જા, તારી પડી નથી !

વૃક્ષો કપાયાં તે છતાં ચિંતા કરી પૂછે,
આ માનવીને શ્વાસમાં અડચણ પડી નથી ?

ખાલીપણું તે લઈ લીધું મારું, બધું, પછી,
ખોવાઈ છું હું ભીડમાં, મુજને જડી નથી.

એ સારું છે કે જીતનો ચડતો નથી નશો,
ને હારમાં 'પ્રજ્ઞા' હજી કૈં લડખડી નથી.

♦

અનુક્રમણિકા

**011**

# હજી હમણાં જ આવી છું

બધાં મ્હોરાં ફગાવીને હજી હમણાં જ આવી છું,
ધૂણી ભીતર જલાવીને હજી હમણાં જ આવી છું.

નકામો બોજ સુખનો હું ઉઠાવી દોડતી'તી પણ,
સમયસર એ હટાવીને હજી હમણાં જ આવી છું.

હૃદયથી દૂર ક્યાં એકેય પળ ? હરક્ષણ તમે ધબકો,
એ ધબકારા મપાવીને, હજી હમણાં જ આવી છું.

તમે છો ગેરહાજર તોય કાયમ હાજરી લાગે,
હું મનને એ મનાવીને, હજી હમણાં જ આવી છું.

બધાં માને કે 'પ્રજ્ઞા' સુખનાં તાળાં બધાં ખોલે,
હું એ ચાવી બનાવીને, હજી હમણાં જ આવી છું.

♦

અનુક્રમણિકા

**012**

## આમ જુઓ તો...

આમ જુઓ તો સગપણ જેવું,
તેમ જુઓ તો કળતર જેવું.

સામે ચાલી આવ્યું એ પણ ?
અણધારેલી અડચણ જેવું.

શિખરો પૂછે : જીવન કેવું ?
સૂરજ કહેશે રજકણ જેવું.

સાચું ખોટું કરવા કરતાં,
રાખ જરા તું સમજણ જેવું.

હસવામાં પણ લાખ વિચારે,
ભરયૌવનમાં ઘડપણ જેવું.

♦

અનુક્રમણિકા

013

# ક્યાં જવાતું હોય છે...

જ્યાં જવાનું હોય છે ત્યાં ક્યાં જવાતું હોય છે ?
ને અગર પ્હોંચો છતાં, ત્યાં મન મૂંઝાતું હોય છે.

જાતને સળગાવ ના તું જડભરત આખું જગત,
લોક મારે ફૂંક, જેવું કંઈ, ધૂમાતું હોય છે.

આયનાના દેશમાં ચહેરો છુપાવો ક્યાં સુધી ?
જે ભીતર છે એ જ તો મ્હોં પર છવાતું હોય છે.

આ સદીની કારમી બસ એ જ ઉપલબ્ધિ જુઓ,
હોય હસવાની ઘડી પણ ક્યાં હસાતું હોય છે ?

કંટકોની બીકથી ફૂલો સજાવ્યાં આંગણે,
પણ ફૂલો ડંખે પછી ક્યાંથી બચાતું હોય છે ?

જીતવાની ચાલ પ્રજ્ઞાની વિરાસત છે, છતાં,
સામે સગપણ ઊભાં હો તો, ક્યાં રમાતું હોય છે ?

♦

અનુક્રમણિકા

## 014

# પડકારતી રહે...

સામે છે મોત તોય સતત ચાલતી રહે,
એ જિંદગી છે, શ્વાસને પડકારતી રહે.

શોધી શકાય ના દવા તો તાવતી રહે,
ઇચ્છા તો ચેપી રોગ છે, હંફાવતી રહે.

ના હાંફવું ન હારવું ને ના વિરામ કોઈ,
એવી નદી જ, ગ્રીષ્મમાં પણ, ફાવતી રહે.

મોટાં ઘરો હોવા છતાં ખૂણો નસીબ ક્યાં ?
ને એ છતાં મા, હેતને છલકાવતી રહે.

આ સાતફેરાની કડી જંજીર જો બને,
હસતી રહી નિભાવે, કાં મન મારતી રહે ?

ચાલે ને ચાલતી રહે આ જિંદગી છતાં,
પદચિહ્ન એનાં ક્યાં કશે અંકાવતી રહે ?

ભીતરથી ક્યાં હજી ભલા મંજાઈ છે કે તું,
આ ખોળિયું તારું હજી શણગારતી રહે !

સૌરભ સુધી જવા પછી રસ્તો મળી જશે
'પ્રજ્ઞા' અગર એની ગઝલ મ્હેંકાવતી રહે !

અનુક્રમણિકા

**015**

## પળેપળને જીવી જવાના...

અભાવોની સામે ન ઝૂકી જવાના,
મળેલી પળેપળને જીવી જવાના.

જે અમને મળાવે અમારી જ સાથે,
ઘડી કોઈ એવી ન ચૂકી જવાના.

દે ફળફૂલ છાયા છતાં જે ઝૂકેલાં,
અમે છોડ એવા જ રોપી જવાના.

પરમ સાથે લેણું હતું એટલે તો,
અમે કોરા કાગળ લખાવી જવાના.

પડે કાળની લાખ થાપટ અમો પર,
નથી કોઈ ભેખડ કે તૂટી જવાના.

ખબર ભેદરેખા સંબંધોની એથી,
અમે મિત્રતાને નિભાવી જવાના.

તમે હાથ ઝાલી ઉગારો, નહીં તો,
અમે ખુદ અમારામાં ડૂબી જવાના.

♦

અનુક્રમણિકા

**016**

# મોતીને રોપ્યાં કર્યું...

કાન વીંધી મોતીને રોપ્યાં કર્યું,
રૂપને બસ એ રીતે ખોલ્યાં કર્યું.

તારી ભીતર એક દરિયો કિંમતી,
છીપલાનાં કાનમાં બોલ્યાં કર્યું.

એક બાજુ કોઈ પથ્થર ફેંકતું,
મેં આ સગપણ કાચ શું જોડ્યાં કર્યું.

નામની બસ આવે કહેવાની વસંત,
પાન જેણે બે વખત તોડ્યાં કર્યું.

મારતું તે પોષતું મેં સાંભળ્યું,
પણ અહીં નજરોનજર જોયા કર્યું.

♦

અનુક્રમણિકા

017

## તકલીફ જેવું કૈં નથી...

જાતને શણગાર તો તકલીફ જેવું કૈં નથી,
કાઢ એની ધાર તો તકલીફ જેવું કૈં નથી.

લક્ષ્ય તારું, રાહ તારો, ભોમિયો પણ તું જ છે;
ખંત પારાવાર તો તકલીફ જેવું કૈં નથી.

પ્હેલું ડગલું માંડશે તો પ્હાડ પણ ઝૂકી જશે,
તું તને ઉદ્ધાર તો તકલીફ જેવું કૈં નથી.

હસ્તરેખાને સહારે ક્યાં સુધી જીવ્યા કરીશ,
ભાગ્યને પડકાર, તો તકલીફ જેવું કૈં નથી.

જીતનાં છોગાં લઈને ચાલવું સહેલું જ છે,
પણ પચાવે હાર તો તકલીફ જેવું કૈં નથી.

થોડી શ્રદ્ધા, થોડો છે વિશ્વાસ મનમાં તો પછી,
પથ્થરો આકાર, તો તકલીફ જેવું કૈં નથી.

છે અગર 'પ્રજ્ઞા'ની સંગત ત્યાં પછી શું પૂછવું ?
રણઝણાવે તાર તો તકલીફ જેવું કૈં નથી.

અનુક્રમણિકા

**018**

## નથી કોઈ કરવો...

નથી કોઈ કરવો, જગતને ખુલાસો,
ભલે જિંદગી અમને આપે છે જાસો.

થયા ભીડથી જો, અલગ સ્હેજ પણ તો,
અહીં લાગતો કેમ અમનેય ફાંસો ?

ખબર પણ ન પૂછે, અહીં જીવતાંની,
મરેલાંની પાછળ, કરે કાગવાસો.

સમય અશ્વને, કોઈ, જઈને કહોને,
જરા થોભી, એ પણ, કરે રાતવાસો.

જરા, જેટલા, અન્ય ચહેરાને માપો,
એ પ્હેલાં જરા, જાતને તો ચકાસો.

વીત્યા, કાળ પથ્થરને પકડી જ રાખો,
પછી, આવનારાને ક્યાંથી તરાસો ?!

♦

અનુક્રમણિકા

019

## રણઝણતી લાગે છે

રૂપેરી ઝાંઝરી ચંચળ બની રણઝણતી લાગે છે,
નદી સંગમને સ્થાને મુગ્ધ થૈ ખળખળતી લાગે છે.

જો હસતાં બાળને જોતાં હસી ઊઠે અગર ચ્હેરો,
સમજ કે ભીતરી દુનિયા હજી રવરવતી લાગે છે.

બધાં પડકાર ને વિઘ્નો હસીને જ્યાં વધાવ્યાં ત્યાં,
મને ત્યાં જિંદગી દુઃખમાં વધુ ઝળહળતી લાગે છે.

અમનનાં રાજનો દાવો અમીરોને મુબારક હો,
ગરીબી હાડકાંને માળખે ટળવળતી લાગે છે.

અમારું હાસ્ય શું જોયું, સુખી સમજી લીધાં અમને,
અમારી ભીતરે કાયમ ચિતા ભડભડતી લાગે છે.

અદાલતનાં બધાં નાટક, ઉપર પડદો, હવે પાડો,
હજી આ પંખિણીની પાંખ પણ ફડફડતી લાગે છે.

વીતેલાં વર્ષના એકેય ચ્હેરા યાદ ક્યાં રહેતા ?
છતાં આંખોમાં મારી 'મા' હજી તરવરતી લાગે છે.

બધા માને કે પ્રજ્ઞામાં નથી સંવેદના બાકી,
જરા સ્પર્શી જુઓ ઇચ્છા હજી સળવળતી લાગે છે.

અનુક્રમણિકા

020

## સહી કરી દેજે

શમન થઈ જાય સૌ અટકળ, પછી ત્યાં સહી કરી દેજે,
જીવે નિરાંતની બે પળ, પછી ત્યાં સહી કરી દેજે.

ઉધામા શ્વાસના, ફોગટના લઈ દોડે જીવનભર પણ,
રહી જો જાય તું પાછળ, પછી ત્યાં સહી કરી દેજે.

નથી સમજી શકાતું મૌન, મૂંઝારો આ એનો છે,
તું મનને વાંચ પળ બેપળ, પછી ત્યાં સહી કરી દેજે.

અલગ છે પ્રેમની ભાષા ચતુરાઈ ન ચાલે ત્યાં,
ઠગે તારું, તને જો છળ, પછી ત્યાં સહી કરી દેજે.

સદીની કારમી ભીંસે મળ્યાં છે શ્વાસ થીજેલા,
જડે સંવેદનાની કળ, પછી ત્યાં સહી કરી દેજે.

અગર છે ડૂબવાની વાત તો કિનારા શા માટે ?
મળે મઝધારનું જો તળ, પછી ત્યાં સહી કરી દેજે.

♦

અનુક્રમણિકા

**021**

# ઇચ્છા પછી

ક્યાંથી ક્યાં પહોંચાય છે, ઇચ્છા પછી ?
જિંદગી બદલાય છે, ઇચ્છા પછી.

બસ ઉપાડો એક ડગ કોશિષ રૂપે,
રાહ મળતો જાય છે, ઇચ્છા પછી.

પાન ખીલે કે ખરે ? લાચાર હું,
જે થવાનું થાય છે, ઇચ્છા પછી.

ધ્યેય સુધી પહોંચવું મુશ્કેલ ક્યાં,
કેમ ના સમજાય એ, ઇચ્છા પછી ?

ભક્તિ મીરાં–નરસી જેવી હોય જ્યાં,
ઈશ ત્યાં દેખાય છે, ઇચ્છા પછી.

♦

અનુક્રમણિકા

022

## બજારો ભરું છું

હું સંશય સતત એકધારો કરું છું,
ન હોવાનો પાક્કો ઇશારો કરું છું.

ભીતર વેદનામાં વધારો કરું છું,
સુખી છું હું એવો નજારો કરું છું.

હયાતીનો મોટો પથારો કરીને,
શું શ્વાસોમાં ખાલી વધારો કરું છું ?

આ સંબંધ કાપે અને રક્ષે મુજને,
ને એની જ સામે પ્રહારો કરું છું !

વધારી મેં લીટી, કરી ટૂંકી એની,
છતાં કેમ એના વિચારો કરું છું ?

♦

અનુક્રમણિકા

**023**

# વાંસળીમાં...

ભલે હોય આફત બધી માંગણીમાં,
છતાં આવકારું હું એ લાગણીમાં.

છે મારી હયાતી, ને પ્રશ્નોય મારા,
છતાં લોક ચાળે ઝીણી ચારણીમાં.

તમાશાને તેડું નહીં હોય દોસ્તો,
છતાં; ગમ વહાવું છું, વાંસળીમાં.

મળે સામે તોયે ન ઓળખ પડે કૈં,
ન પકડી શકું બાળપણ આંગળીમાં.

ઝુલાવે જો કોઈ હું ઊંઘું નિરાંતે,
ફરી હીંચકો કોઈ બાંધે ફળીમાં.

♦

અનુક્રમણિકા

**024**

# કેસૂડો ઘોડે ચડીને...

કેસરી સાફો ચડાવી આવે છે દરબારમાં,
કેસૂડો ઘોડે ચડીને હણહણે કુંજારમાં ?

હર્ષઘેલી થૈ ચમેલી, રાતરાણી ને જૂઈ,
ફાગણી ગીતોની લ્હાણી, લ્યો કરે સંસારમાં.

કેફ જાનૈયા પવનનો સાવ નોખો ને છતાં,
સ્હેજ પણ લથડ્યા વિના પોંખાય શિષ્ટાચારમાં.

એક હોલિકા બળે ઇલાજ એનો થાય પણ,
રોજ બળતી કૈં અહીં લાચાર નર્કાગારમાં.

હો નશો જો ભાંગનો 'પ્રજ્ઞા' હજી પણ ઊતરે,
કેફ શબ્દોનો ચડે, શું ઊતરે પળવારમાં !?

♦

અનુક્રમણિકા

**025**

## જ્યારે બેઠી...

હું તો જ્યારે જ્યારે બેઠી,
ઇચ્છાને ફૂલક્યારે બેઠી.

શું કહું ક્યાં ને ક્યારે બેઠી,
હું તો મારી વ્હારે બેઠી !

જોવા જેવી થૈ છે તો પણ–
ભીતરને અંગારે બેઠી.

પડછાયાને પ્રશ્ન કરીને,
ઉત્તરને વરતારે બેઠી.

આજ નથી જે મારું છોડી,
કાલ ઉપર સંથારે બેઠી.

♦

અનુક્રમણિકા

026

## કહે ના કહે આંખ...

પૂછે ના પૂછે આંખ તમને પહેલી,
ઘણી શક્યતા પાંપણોમાં રહેલી,

અને બંધ તૂટે અગર જો સફરમાં,
થશે મુક્ત શ્વાસોની બોઝિલ હવેલી.

સફરમાં હતો સાથ દર્દે જિગરનો,
ને એથી મજલ પણ પળેપળ હસેલી.

હશે મૌનનો કોઈ પડઘો જ નક્કી,
નહીં તો આ વાચા બને ના સહેલી.

હતી એક મીરાં, હતી એક રાધા;
બધી ભિન્ન નામે કિસનને વરેલી.

બને ભાવિ ઝળહળ અમાસી નિશામાં,
મળે જેને 'પ્રજ્ઞા' ભીતરમાં વસેલી !

♦

અનુક્રમણિકા

027

## એકાંતવાસી હોય છે…

પ્રેમ જ્યાં એકાંતવાસી હોય છે,
ભીની ભીની ત્યાં અગાશી હોય છે.

હોય તું તો આભ આખું ઝળહળે,
રાત આ છોને અમાસી હોય છે !

દૂરથી પણ અન્યને માપી શકે,
જાતને જેણે ચકાસી હોય છે.

ભરવસંતે ફેરવે જે મોં, બધાં–
પાનખરનાં એ પ્રવાસી હોય છે.

સામે પૂરે સ્વપ્ન હોડી હાંકશે,
એ જ તો સાચો ખલાસી હોય છે.

♦

અનુક્રમણિકા

**028**

# વિચારું છું...

હું પૂરાં સત્ય સાથે જાતને ધરવા વિચારું છું,
બધા પ્રશ્નોને એ રીતે જ હલ કરવા વિચારું છું.

સપાટી પર વહી સંવેદના એથી બધાં ડૂબ્યાં,
જગત હું ભાઈચારા પ્રેમથી તરવા વિચારું છું.

બધાં તોફાન ને ઝંઝા, વમળ વચ્ચે રહીને પણ,
સમજને શાંત કિનારે હું ઊતરવા વિચારું છું.

ભલેને એક ક્ષણમાં નેટ પર જોડાય છે દુનિયા,
હું મારી જાતને ધીરેથી સર્ચ કરવા વિચારું છું.

બચી કોડી લખોટી ને બચ્યાં છીપલાં હથેળીમાં,
મૂકી ખિસ્સે હું શૈશવ ઘર તરફ ફરવા વિચારું છું.

બીજાંઓ તો શિખર ભૂલ્યાં અને દરિયાય તરછોડ્યા,
સકળ સપનાંને ચાહી હું જગત તરવા વિચારું છું.

♦

અનુક્રમણિકા

029

## ભીંજાણી હોય છે

ભાવને અર્થે ભીંજાણી હોય છે,
એ ગઝલ સૌને ઉજાણી હોય છે.

દીન– દુ:ખિયાઓથી એ, ના છીનવો,
આંસુઓ એની કમાણી હોય છે.

દોડવાનો થાક ત્યાં લાગે ખરો ?
ઝાંઝવા બદલે જ્યાં પાણી હોય છે.

ફક્ત એ સૂરજ બની ઝળકી શકે,
રાતને જેણે પ્રમાણી હોય છે.

એ અભાગી રાત–દિવસ જાગતો,
રાતને કોણે વખાણી હોય છે ?

♦

અનુક્રમણિકા

030

# નોતરો વરસાદમાં...

લાગણી ના નાંગરો વરસાદમાં,
યાદને વ્હેતી કરો વરસાદમાં.

પ્રેમ છે તો લો કબૂલી પ્રેમથી,
જાતને ના છેતરો વરસાદમાં.

સૂકુંભઠ જીવન જીવ્યાં જો અપણે,
કેમ કરવો ખરખરો વરસાદમાં ?

વીજ કહેતી : ‘‘આભમાં ઉકળાટ છે...,
વાદળોને નોતરો વરસાદમાં’’.

આજ ‘પ્રજ્ઞા’ કૈ રીતે સુક્કી રહે ?
છે પવન અળવીતરો વરસાદમાં.

♦

અનુક્રમણિકા

# બે ઘડી આ પૂર...

બે ઘડી આ પૂર પાછાં જો પડે,
મારું હોવું કે ન હોવું સાંપડે.

જળ બન્યું મૃગજળ પછીની યાતના,
મોત પણ કેવું ચડ્યું છે ચાકડે ?

લ્યો, દિવાલો પણ ગણે નુકસાન જ્યાં,
વેદનાના શ્વાસ ખૂટ્યા આંકડે.

કોણ, કોને, ક્યાં સુધી ટેકા કરે ?
સ્વાર્થના દર્પણ વમળમાં આથડે.

જો વધે વરસાદ મારી આંખનો,
બંધ તૂટે, પાંપણોને પરવડે ?

♦

અનુક્રમણિકા

032

## ઘર બનાવ્યું છે

પવનથી પાતળી ક્ષણમાં ખૂંપીને ઘર બનાવ્યું છે,
જીવનની આગવી ક્ષણને ટૂંપીને ઘર બનાવ્યું છે.

ગઝલની રાજસી ક્ષણને સીંચીને ઘર બનાવ્યું છે,
સફર સંવેદનાની કૈં ખૂંદીને ઘર બનાવ્યું છે.

હતું ત્યાં પાનખરનું રાજ એથી કોયલે જુઓ,
કરી ટહુકો વસંતી પણ પૂછીને ઘર બનાવ્યું છે.

મને દુ:ખો પછી ક્યાંથી ચલિત કરવામાં ફાવે છે ?
સુખોની મેં બધી પગલી લૂછીને ઘર બનાવ્યું છે.

ખબર ક્યાં કે ગમે ત્યારે પડે પથ્થર હવામાંથી,
મેં પાયામાં જ પથ્થરને મૂકીને ઘર બનાવ્યું છે.

♦

અનુક્રમણિકા

033

## કેશવ મળે...

એક અનલહક્ થી સભર આસવ મળે,
બ્હાર ભીતર બસ બધે કેશવ મળે.

સ્મૃતિઓનું ગાડું જ્યાં પાદર છૂટ્યું,
ત્યાં અચાનક શેરીએ શૈશવ મળે.

એકમાંથી બે થયાનાં માનમાં,
સૂરિલી શહેનાઈનો કલરવ મળે.

જે જટિલ પ્રશ્નો સુધી પહોંચી શકે,
ઉત્તરો  એના પછી લાઘવ મળે.

ઊડતાં પહેલાં જરા ટહુકી ગયું,
ટોડલે બસ ભૈરવી વૈભવ મળે.

પ્રેમ પર સંશય કરી જે તરફડે,
ક્યાંથી 'પ્રજ્ઞા' એમને ભાર્ગવ મળે ?

♦

અનુક્રમણિકા

034

# નાના પ્રશ્નો પણ…

જીવનના નાના પ્રશ્નો પણ લાગે મોટા પર્વત છે,
પણ લડવામાં એની સામે કેવી ભારે રંગત છે.

શબ્દ ગગનમાં સંવેદનની ભીની ભીની બરકત છે,
સાચું કહું છું એ જ અમારી સાચે સાચી મિલકત છે.

તું માને કે સૌથી સારી જગમાં તારી ઇજ્જત છે,
જગને, વશ કરવાની, જ્યારે, મારી જૂની આદત છે.

લેણાંદેણી પળની છે પણ રોજ સવારે મળવાનું,
જુઓ પેલી ઝાકળની પણ સૂરજ સાથે સોબત છે.

ભળવું, લળવું, તરવું, મરવું એ તો કેવળ કર્મ બને,
પણ ક્રિયાને પાર જશો તો એ બનતી ઇબાદત છે.

આમે ક્યાં લખવું છે મારે ઇનામ અકરમ, લાલચવશ,
શબ્દ બનીને ઝળહળ કરવું સાવ ફકિરી હરકત છે.

અંધારાને પાર ઘૂઘવાતા દરિયા જે દેખાડે, એ,
નાની સરખી આંખોમાં પણ કેવી કેવી સવલત છે.

♦

અનુક્રમણિકા

**035**

## તમે સ્હેજ સ્મિત વેર્યું...

તમે સ્હેજ હાસ્ય વેર્યું, હું મને ભૂલી ગયો છું,
મને કોઈ તો ઉગારો, આ હું ક્યાં ખૂંપી ગયો છું.

મળી એક એ જગાને જરી ભીંજવી ગયો છું,
*કોઈ પાંપણો ઢળી ત્યાં, હું ઝૂકી ઝૂકી ગયો છું.

મને જિંદગીએ થોડી, જીવવા જગા શું આપી,
પછી એ જ નામ પર હું, ખુશીથી જીવી ગયો છું.

ન તું લાકડી બન્યો કે, ન ખબર કદીય લીધી,
તે છતાંય તારે નામે, હું જીવન લખી ગયો છું.

મને એટલી ખુશી કે, ઊગે સૂર્ય તારે ગામે,
ભલે હું કિનારે પહોંચી, જરી આથમી ગયો છું.

પ્રિયે ! તેં કદીય જોયું, ભરી પ્રેમ આંખમાં ને,
પછી તૂર્ત હું કનડતી, વ્યથા કેવી પી ગયો છું.

પછી એક દી, તો લોભી એ ભ્રમરને કેદ થઈ ગઈ,
હવે એ વિચારે એવું કે હું ક્યાં ચૂકી ગયો છું.

* સ્મરણ – 'ગની' દહીંવાલા

અનુક્રમણિકા

**036**

## હરપળ ભીતર વરસાદ જેવું...

હરપળ ભીતર વરસાદ જેવું લાગતું મને,
ભીની ભીની કો યાદ જેવું લાગતું મને.

બારી બધી ખૂલી ગઈ બસ એક ઝાપટે,
કો, પાડે મુજને સાદ જેવું લાગતું મને.

પતરાં ઉપર ટપ ટપ ટીપાં ને ધોધ શું પડે !
ત્યાં નાટકી સંવાદ જેવું લાગતું મને.

ચપટી પીછાંથી ખેરવે આકાશ વાદળી,
જળની ફળી મુરાદ જેવું લાગતું મને.

નક્કી નગરને ઝાડવે કરવત ફરી હશે,
એથી ભીતર વિષાદ જેવું લાગતું મને.

હાથે કરીને મેં ચણી નફરતની ભીંત જ્યાં,
ભીતર નર્યા વિખવાદ જેવું લાગતું મને.

મળતા ગયા છે શ્વાસ પણ ઉધાર ઉછીના,
એથી જીવન અપવાદ જેવું લાગતું મને.

♦

અનુક્રમણિકા

037

# ભારણ વગર...

લાખ ચાહો જીવવા ભારણ વગર,
જીવવાનું ક્યાં મળે છે, વ્રણ વગર.

પાંખ ફેલાવી ભલાં એ શું કરે ?
ઊડી શકશે શું એ અભ્યારણ વગર.

કલ્પનાનાં રાજમાં એ શક્ય છે,
માનવી મરશે નહીં લાંઘણ વગર.

ફૂલ ભમરાને કહે, કે આવ તું,
શક્ય હો તો કોઈ પણ કારણ વગર.

ચાલ તૂટી ભીંતો જોડી નાંખીએ,
એય પાછી એક પણ સાંધણ વગર.

રાત ભર પાસે હતા શ્વાસો છતાં,
જાગ્યા નહિ સંવેદનો કંકણ વગર.

♦

અનુક્રમણિકા

## 038

# કેવી રીતે વાવીએ ?...

બીજ છે તો એવી રીતે વાવીએ,
આંખની ભીનાશમાં રોપાવીએ.

પ્રેમને મેં નામ દેવા જ્યાં ચહ્યું,
એ કહે ચલ, પાંપણે ત્રોફાવીએ !

ઓછુંવત્તું પ્રેમમાં ક્યાં શક્ય છે ?
છે અગર તો ક્યાં પછી જોખાવીએ ?

એ કહે ઝાંખો પડે જો પ્રેમ તો ?
મેં કહ્યું કે લે ફરી મંજાવીએ.

પ્રેમથી તો આપણે ઉજળાં થયાં,
લોક સામે કેમ એ છુપાવીએ ?

♦

અનુક્રમણિકા

# દોડતો કેવો રહ્યો...

દોડતો કેવો રહ્યો એ દરબદર,
જિંદગી ! હાંફી રહી કારણ વગર !

ભર વસંતે એટલી મ્હોરી ઉઠી,
કે પછી ફરકે નહીં કો, પાનખર.

વૃક્ષની ડાળે નિરાંતે ઝુલતું,
ક્યાં ગયું એ માતબર લીલું નગર ?

કેદ કરવું મારે આખું વિશ્વ, પણ,
દૃષ્ટિ આપી તેય પાછી માપસર.

મન થયું બસ એટલે આવી પડી,
ઘર નથી, તો કાફી છે મીઠી નજર.

ચાર ભીંતોને તમે જ્યાં ઘર કહ્યું,
ત્યાં અમે જીવી લીધું બસ ઘર વગર.

મૌનના સંવાદ એવા બોલકા,
ખાલીપો મુજ થૈ ગયો બસ તરબતર.

શબ્દ સાથે હર ક્ષણે જીવી–મરી,
આ હયાતી એટલે થઈ ગઈ અમર.

અનુક્રમણિકા

040

## આગળ પાછળ

બિંબ અગર ના હો'કૂંડાળે,
એવાંથી દર્પણ કંટાળે.

કોઈ નથી જ્યાં આગળ–પાછળ,
કોને કાજે આંસુ ખાળે ?

આગળ–પાછળ સુખની પળ છે,
દુઃખ આવે છો ને વચગાળે.

આમ નથી કૈં હાશ છતાંયે,
મ્હેકે કેવું મન ગરમાળે !!

સૂરજને પાછો વાળીને,
સપનાંને મૂરખ પંપાળે.

વીત્યાં વર્ષે રાખ વળી ત્યાં,
ભાવિને શું કરવા બાળે ?

ભરભર જીવી ગૈ છે પ્રજ્ઞા,
શ્વાસોનાં રંગીન સરવાળે.

♦

અનુક્રમણિકા

**041**

# જોઈએ

પીંજરે પોપટ પૂર્યો તેને ઉડાવી જોઈએ,
તે પછી જે કંઈ બચે, ભીતર સજાવી જોઈએ.

આ જગતમાં પ્રેમને વિશ્વાસ વાવી જોઈએ,
એ રીતે બસ, ઝેરનું મારણ કરાવી જોઈએ.

સૌ કહે છે આ જગતનો માનવી સસ્તો થયો,
એમની એ વાતને ખોટી ઠરાવી જોઈએ.

રૂપ માપી, આયનાએ, એટલું કીધું પછી,
સાજ–સજ્જાની કલાને ના ચલાવી જોઈએ.

'હું' પણું બસ ઓગળે એવાં મળે જ્યાં શ્વાસ તો,
ચાલ, એવા ગામમાં જીવન વસાવી જોઈએ.

♦

અનુક્રમણિકા

**042**

## ઈશ્વર થવું નથી

નિઃશ્વાસ નાંખતો હવે ઉંબર થવું નથી,
કો’દીકરી વિદાયનો અવસર થવું નથી.

વરસે નયનનાં તીર તો, બખ્તર થવું નથી,
એના ગુલાબી પ્રેમમાં, નડતર થવું નથી.

લીલો હતો વિરહ અહીં કે માંડવો લીલો,
એ યાદને હવે ફરી કળતર થવું નથી.

તારાંપણાંની ફક્ત મેં માંગી’તી સાબિતી,
તું એટલે કહે હવે ઈશ્વર થવું નથી ?

ઇચ્છા વસંતી મેં કરી લીલપ હું પાથરું,
ત્યાં પાનખર બની પછી ખરખર થવું નથી.

દુર્ગંધ ફેડવા અહીં, મસળે છે લોક પણ,
મસળાઉ ભાગ્યવશ ભલે, અત્તર થવું નથી.

♦

અનુક્રમણિકા

**043**

## પુરવાર કર...

એમ તું પાછળ રહી ના વાર કર,
હો તું નિર્ભય તો તને પુરવાર કર.

જે કરે તે પ્રેમથી સાભાર કર,
જિંદગીને એમ તું, સાકાર કર.

જિંદગીના આયનાનું બિંબ તું,
આંખે દેખ્યાં સત્યનો સ્વીકાર કર.

ટીલે ટપકે તું અગર થાકી ગયો,
ભીતરે બસ એકલો ૐકાર કર.

જ્યાં ઊભો એ છાંયડો છે વૃક્ષનો,
કેમ કરવત તું બને ? વિચાર કર.

હર ક્ષણે જીવી જવા તૈયાર છું,
સ્હેજ આવી ચેતના સંચાર કર.

સૂર્યને ઝાકળ પૂછે, મોડું થયું ?
ઝળહળાવીને પછી તું વાર કર.

દેવ–દાનવ બેઉ ભીતર છે છતાં,
માનવી છે, માનવી અવતાર કર.

અનુક્રમણિકા

## 044

# નકામાં 'હું' પણાંનાં ભારને...

નકામાં 'હું' પણાંનાં ભાર ને અળગો હટાવીને,
કરું છું સ્મિત ભીતરની, બધી હિંમત જુટાવીને.

તમે દરિયા સમા છો એટલે સૂરજને પડકારો,
અમે છો ઓસનાં વારસ ઉભા ગરદન ઉઠાવીને.

નથી પથ્થર મેં આકાર્યા, નથી મેં પાળિયા પૂજ્યા,
કરી મેં કર્મની પૂજા, ન વચ્ચે ભાગ્ય લાવીને.

અહીં તો રાત જાગી લોક જોતાં દી તણાં સ્વપ્નો,
અમે જ્યારે થયાં ઝળહળ ભીતર સૂરજ ઉગાવીને.

અમારાં પ્રેમનાં વાદળ, નયનમાં એકઠાં થૈ ને,
વરસવાં કેટલાં આતુર, તમારે ગામ આવીને.

અહીં ક્યાં કોઈ ફાંસીએ ચડાવાનું કે ગભરાઓ,
કર્યો છે પ્રેમ, ગુનો નહિ, ને એ પણ દિલ લગાવીને.

અમે લીટી કરી લાંબી, અમારી જાત મહેનત પર,
કદી ના અન્યની ભૂંસી, કે ના સ્હેજે ટૂંકાવીને.

♦

અનુક્રમણિકા

045

## હોય છે…

જ્યાં વિરહ ભીની અગાશી હોય છે,
દર્દ બસ ત્યાંનું નિવાસી હોય છે.

ક્યાં નડે કો’ભીડ કોલાહલ સમું,
શ્વાસ ભીતરનાં પ્રવાસી હોય છે.

જે રમાડે જિંદગી મઝધારમાં,
એ જ તો જીવનખલાસી હોય છે.

દૂરથી પણ અન્યને માપી શકે,
જાતને જેણે ચકાસી હોય છે.

શોર શબ્દોનો વધ્યો તો શું થયું ?
અર્થ, તો એકાંતવાસી હોય છે.

જ્યાં કપાળે ચાંદને ચોડી દીધો,
ચાંદની ત્યાં બારમાસી હોય છે.

ચાંદ જ્યાં શરમાઈને નીચે જુએ,
ધરતી પર બસ પૂર્ણમાસી હોય છે.

ત્યાં પછી ‘પ્રજ્ઞા’ નહીં પાછળ રહે,
દ્વારે જ્યાં તક મ્હોં વકાસી હોય છે

અનુક્રમણિકા

**046**

# મ્યાન રાખે છે...

ગગનમાં ચાંદ, તારા ને સૂરજ પણ મ્યાન રાખે છે,
ધરા પર સૂક્ષ્મ રૂપે એ બધાનું ધ્યાન રાખે છે.

જીવનમાં યાતના ભીષણ, છતાં રંગોને સર્જીને,
ચિતારો કલ્પનાનાં ચિત્રનું સન્માન રાખે છે.

તું જાણી લે કે આથમવું એ કુદરતની ક્રમિકતા છે.
ડૂબેલો સૂર્ય પોતાની સવારે શાન રાખે છે.

અધિકારે નથી મળતો, મળે છે પ્રેમથી એ તો,
બતાવી મંત્ર પૂજારી, પ્રભુનું માન રાખે છે.

ખીલેલાં પુષ્પ પર ઝાકળ અરે ! શાની નિશાની છે ?
બની ટહુકા હવે ચોપાસ, મનને બાન રાખે છે.

♦

અનુક્રમણિકા

047

## સ્થાપિત થવાનું

તને ચાહ એવી કે પંડિત થવાનું,
અહીં મારે અઘરું, છે સ્થાપિત થવાનું.

અહીં પ્રશ્ન ઊભો છે અસ્તિત્વનો, ને,
ઉપરથી વળી મારે સાબિત થવાનું ?!

ભલે ગુંજે ટહુકો સદીઓ સુધી પણ,
ફરી પાછુ ડાળે જ નિશ્ચિત થવાનું.

તમે આ જગતને ઝુકાવી શકો ’ગર,
ન હો રેખ, તો પણ, પુરોહિત થવાનું.

વચન, રોજ સીતાને, લાખો મળે પણ,
અગનથી અહીં ક્યાં છે વંચિત થવાનું.

ગઝલને હૃદયથી તું ચાહે છે એથી,
ગઝલમાં જ ‘પ્રજ્ઞા’ પ્રકાશિત થવાનું.

♦

અનુક્રમણિકા

048

## આમ–તેમ

ને આમ કંઈ મળે તો કંઈ તેમ પણ વછૂટે,
તારું ને મારું હૈયું, શાનો હિસાબ મૂકે ?

તારા બધા હુકમ જે, ઉત્તર કદી ન માગે,
મારા બધા જવાબો મૂંગા રહીને પુછે !

લૂંટાઈ જે ગયા છે, એને હવે ન પૂછો,
'સ્વ'ના વજૂદ સામે, શું શું હવે આ ખૂટે ?

જોડ્યું છે હૈયું લઈને સંવેદનાની સાંકળ,
એ કાચ તો નથી કંઈ કે કાચ જેમ તૂટે !

વરસી જશે ભલે તું વાદળ બની અષાઢી,
ભીંજાઉં હુંય એવી છો જાત મારી ડૂબે !

♦

અનુક્રમણિકા

**049**

## ચાલી જાય છે રાહી...

લઈને આડ બીજાની  જો ચાલી જાય છે રાહી,
ખબર ક્યાં ? કેમ ? કોની ? વાતે આવી જાય છે રાહી.

અરે ! રાહીનું કેવું ? ચાલતાં થાક્યાં કે આ બેઠાં,
બિચારો પથ વિમાસે ત્યાં જ જાગી જાય છે રાહી ?

જરા જ્યાં ચાલવાનો અર્થ, સમજાયો અને ત્યાં તો,
જરા ચાલે તું એ પહેલાં જ હાંફી જાય છે રાહી ?

ઘણા ઉપદેશકોએ અટપટા રસ્તા બતાવ્યા તો,
હવે તો ધ્રુવ તારક ખુદને માની જાય છે રાહી.

જરા જો ચાલવાનું બંધ કરશે તું અગર "પ્રજ્ઞા"
હશે પાછળ એ આગળ તૂર્ત નીકળી જાય છે રાહી.

♦

અનુક્રમણિકા

050

## મારાથી નહિ બને...

નિષ્પ્રાણ મનને પામવું મારાથી નહિ બને,
મરતાં રહીને જીવવું મારાથી નહિ બને.

પ્યાદું બની ચોપાટમાં, રમતો નથી કદી,
હાર્યા વગરનું જીતવું, મારાથી નહિ બને.

છે મોંઘવારી આકરી મૂક્યો છે કાપ પણ,
સંવેદનાનું કાપવું મારાથી નહિ બને.

જ્યાં લાકડીની વેદના સમજી લીધી પછી,
ઘરડાંઘરોનું ખોલવું મારાથી નહિ બને.

ટહુકાનું આભ લૈ લીધું વગડાને કાપી જ્યાં,
ત્યાં પિંજરાને સ્થાપવું મારાથી નહિ બને.

મઝધારથી કિનારને છેટું નથી છતાં,
ઇચ્છા વિના ઝઝૂમવું મારાથી નહિ બને.

ઢોળાવ છું હું આખરી પણ પ્હાડ શો ઊભો,
ત્યાં ખીણ સામે ઝૂકવું મારાથી નહિ બને.

♦

અનુક્રમણિકા

051

## વ્હેંચાય તો ઘણું...

આ મત્સ્ય કર્ણથી જરી વીંધાય તો ઘણું,
ઇતિહાસ કારમો પછી સર્જાય તો ઘણું.

રણને નિરાંત એ હતી મૃગજળનો સાથ છે,
પણ ઊંટની તરસ જરા છિપાય તો ઘણું.

નારીની તુલના તો સીધી ધરતી સુધી જશે,
પહેલાં સીતા ને દ્રૌપદી ચર્ચાય તો ઘણું.

છે ઊગવાની વાત તો સૂરજ નથી થવું,
આ ચંદ્ર જેવું ઊગવું પરખાય તો ઘણું.

છે હારવાની વાત ને જીતી ગયા તમે,
ખોટા અહમ્ નો ભાર ત્યાં વર્તાય તો ઘણું.

જીવી જવાની વાતે તો રૂંધાય છે ગળું,
આ ચાર કાંધે બોજ જો વ્હેંચાય તો ઘણું.

♦

અનુક્રમણિકા

**052**

# ખોટી મમત

જ્યારથી છોડી દીધી ખોટી મમત,
ત્યારથી ઠરતું ગયું મારું જગત.

બોજ શું છે એ ખબર મોડી પડી,
બાકી, મારી લાશ લૈ થોડી ભમત !

હું મને પાછી જડી પાકટ વયે,
બાળપણની જ્યાં રમી થોડી રમત.

એક ક્ષણમાં વિશ્વથી  જોડાઉં પણ,
જાતને મળતાં જરા લાગ્યો વખત.

લાગણીની કોઈ કળ લાગે નહીં,
એટલો તું થા નહીં પાછો સખત.

માફ કરવાનું મનોબળ, ધન્ય છે,
વૃક્ષ નહિતર, છાંય શું, આપી શકત ?!

♦

અનુક્રમણિકા

053

## મને પરવડે નહીં...

મારું ન હો સુકાન મને પરવડે નહીં,
ને ના રહું સભાન મને પરવડે નહીં.

જાણીને જીદ નહિ કરી રહેવા મેં કાયમી,
ભાડાનું હો મકાન મને પરવડે નહીં.

જો તારી કોઈ વાતમાં સચ્ચાઈ લાગશે,
ત્યાં ફેરવું જબાન, મને પરવડે નહીં.

આ 'હું'પણાની ભીંતને મેં ખુદ રચી છે ત્યાં,
તોડું નહીં કમાન, મને પરવડે નહીં.

'પ્રજ્ઞા' ઘમંડ આવે ત્યાં પાછાં પડે બધાં,
લોકો કહે મહાન, મને પરવડે નહીં.

♦

અનુક્રમણિકા

054

## મકાન છે...

રેતી, સિમેન્ટ, ઈંટનું કાચું મકાન છે,
છાંટીશ પ્રેમજળ પછી પાકું મકાન છે.

પૂછે શું ભીંતને હવે ચહેરાઓ યાદ ના ?
યુગોથી બારી બંધ ને ખુલ્લું મકાન છે.

આવે ન કોઈ જ્યાં હવે, ના જાય ત્યાંથી કોઈ,
રહેવા હવાને કેટલું મોટું મકાન છે !

જે બા'રસાખે કંકુના થાપા રહે ઝૂરી,
તે ઘર પછી શું ઘર રહે ? સૂનું મકાન છે.

જ્યાં પૂર્વજોની યાદનાં તોરણ હજી લીલાં,
એ યાદમાં હજી ઉભું મારું મકાન છે.

♦

અનુક્રમણિકા

055

## ભટકવાનું થયું પાછું

ખબર રસ્તાની છે તો પણ, ભટકવાનું થયું પાછું,
સમજની બ્હારનાં નકશે, રઝળવાનું થયું પાછું.

કરી જો હોત નફરત તો કદી આવું બન્યું ના હોત,
કર્યો છે પ્રેમ એથી તો ઝઘડવાનું થયું પાછું.

હતી એને ખબર કે જાત ઝાકળની છતાં જુઓ,
સૂરજ પાસે જવામાં તો સળગવાનું થયું પાછું.

તમે જીતીને હારો કે અમે હારીને જીત્યાં પણ,
છતાં બંને ચુકાદે લ્યો, તડપવાનું થયું પાછું.

જગતભરની લીલા માણી છતાં પણ સાવ કોરીકટ,
જરા હું જાતને અડકી, પલળવાનું થયું પાછું.

હજી હું હું ને હુંથી બહાર ક્યાં આવી શકી છું હું,
છતાં ભીતરથી 'પ્રજ્ઞા'એ ચળકવાનું થયું પાછું.

♦

અનુક્રમણિકા

056

## ફૂટી ગઈ…

વિશ્વાસે, જેના હું રહી છેક જ ફૂટી ગઈ,
ને તોય તીણી કચ્ચરો, કેવી ગળી ગઈ !

હું કોઈની ન થૈ શકી, ના કોઈ મારું તોય,
આ વિશ્વ બાથમાં ભરી મનભર જીવી ગઈ.

મારાં સુધી જવા મને રસ્તો મળ્યો છતાં,
હું કેમ ત્યાંય પહોંચીને પાછી વળી ગઈ.

ક્યારેક ચાહું લાખ કે અઢળક લખું–ભૂસું,
શાહીમાં મારી વાત જો, કેવી ડૂબી ગઈ !

મળવાનું સ્વપ્ન જ્યાં પછી પ્હોંચે તરસ સુધી,
સાકારવાને રણ મળે તો રણ સુધી ગઈ.

વર્ષોથી બંધ જે હતી બારી ખૂલી કે તૂર્ત,
ખોબો ભરી હું કોઈના ચ્હેરાને પી ગઈ.

♦

અનુક્રમણિકા

**057**

# વિદ્યાર્થીઓની વિદાયવેળાએ

સપનું સુંદર ત્યાગવાનું કાશ સ્હેલું હોત તો ?
છોડી શાળાને જવાનું કાશ સ્હેલું હોત તો ?

ઘંટ સાથે સર, ને ટીચર હું અને ચોથો સમય,
દોડતાં અટકાવવાનું કાશ સ્હેલું હોત તો ?

બોર્ડ પર દોર્યા અમે જે મોર–પોપટ, આભ–વન,
સાથે સૌને લૈ જવાનું કાશ સ્હેલું હોત તો ?

વર્ગ, બારી–બારણાં, મેદાન, પાણીની પરબ,
સામટાં તરછોડવાનું કાશ સ્હેલું હોત તો ?

એક ઇચ્છા બાળપણની સોળ થૈ ઊઠશે કદીક,
સરની સોટી ખાળવાનું કાશ સ્હેલું હોત તો ?

આંખમાં અકબંધ યાદો બેવડાશે તે છતાં,
નાની પગલી પાડવાનું કાશ સ્હેલું હોત તો ?

જ્ઞાનની પાંખો દીધી તો ઊડવું મુશ્કેલ ક્યાં ?
છોડી સૌને ઊડવાનું કાશ સ્હેલું હોત તો ?

હા ગમે, રિસેસ પણ શું આમ છુટ્ટી દૈ શકો,
કાયમી ઘર બેસવાનું, કાશ સ્હેલું હોત તો ?

અનુક્રમણિકા

**058**

## રાહ જોઈ બેઠી છું...

ઊઘડે બારી નવી એ રાહ જોઈ બેઠી છું,
ક્યાં મળે એ તેજ પાછું જે હું ખોઈ બેઠી છું.

કેદ કરવા જેવું એ પણ કેદ ના કૈં થઈ શક્યું,
ચિત્ર જે ઝાંખું હતું તે સાવ લો'ઈ બેઠી છું.

પ્રશ્ન ઊઠે : કેમ ઇચ્છા અશ્વ થૈને હણહણે ?
ભીતરે શું વાસનાનું મૂળ બોઈ બેઠી છું.

સ્હેજ પણ સ્પર્શી નહીં હોવાપણાંની વેદના,
તો પછી મેં શું ગુમાવ્યું, જેનું રોઈ બેઠી છું ?

આ છટા ને આ અદા ને આ ખુશમિજાજી મુખ આ,
શી ખબર તમને કે હું જખમોને પ્રોઈ બેઠી છું.

♦

અનુક્રમણિકા

059

## જોવું ન ગમે એ જ તો

જોવું ન ગમે એ જ તો જોવાઈ રહ્યું છે,
મનને અરીસે જે બધું તરડાઈ રહ્યું છે.

કોનું હતું એ નામ જે કોરાઈ રહ્યું છે,
હાથે કરીને છુંદણે ત્રોફાઈ રહ્યું છે.

એ વેદના મારી હતી, મારું હતું એ દર્દ,
એ આંખથી તારી શીદ છલકાઈ રહ્યું છે ?

પંખી તો શું જાણે કે કૃપા કોઈની છે આ,
ડાળે હતું જે ઘર હવે વ્હેરાઈ રહ્યું છે.

પૂનમ હજી ખીલે છે, જરી રાખ તું ધીરજ,
ઘૂંઘટમાં એનું રૂપ સજાવાઈ રહ્યું છે.

'પ્રજ્ઞા' હતી તો હું હતી ને તો હતું જીવન,
બાકી બધું તો જડ સમું ચિતરાઈ રહ્યું છે.

♦

અનુક્રમણિકા

**060**

## કોઈ શું કરે ?

તું જાતને ના જોતરે તો કોઈ શું કરે ?
ચીલો નવો ના ચાતરે તો કોઈ શું કરે ?

માંગે મદદ તો કોઈ પણ રસ્તો ચીંધી શકે,
તુજને અહમ્ જો આંતરે તો કોઈ શું કરે ?

જ્યાં ખાતરી કે પ્રેમથી દુનિયા ઝૂકી જશે,
ત્યાં તું ઘૃણાને નોતરે તો કોઈ શું કરે ?

ચ્હેરા ઉપર તો સાચનો અભિનય ચમકચમક,
પળવાળમાં જૂઠો ઠરે તો કોઈ શું કરે ?

જીવનના ચક્રવ્યૂહમાં તું તો નવોસવો,
કિસ્મત ઉપરથી છેતરે તો કોઈ શું કરે ?

રણને તરસ છે એવી કે વરસાદ ભીંજવે,
પણ થોર સઘળે વિસ્તરે તો કોઈ શું કરે ?

♦

અનુક્રમણિકા

061

## કેવી સિફતથી

અમે કેવી સિફતથી ભીતરે ડૂમો છુપાવીને,
નવી રીતે જીવી લીધું પછી હસવું બતાવીને.

બધો અંધાર એકીસાથ ક્યાંથી દૂર પણ થાયે ?
અમે ત્યાં મનને અજવાળ્યું ભીતર ધૂણી ધખાવીને.

ભલે તેં પ્રેમની વ્યાખ્યા ખુશામતમાં કરી લીધી,
મેં બાકી હાથ લંબાવ્યો બધી ઘૃણા ફગાવીને.

આ મારા દોષ–દર્શનમાં વીતી ગઈ રાત પૂરી તો,
સવારે મારે રસ્તે કેમ ચાલ્યો મન મનાવીને ?

ભલે દર્પણને હંફાવે સમજની બ્હારના ચ્હેરા,
અટૂલી એકલી 'પ્રજ્ઞા' ઊભી મ્હોરું ફગાવીને.

♦

અનુક્રમણિકા

062

## એક ગાંધી જોઈએ...

છે તમસનો ભાર, પાછો એક ગાંધી જોઈએ,
ભેદવા અંધાર, પાછો એક ગાંધી જોઈએ.

હિંસા ગામે ખુરશી, બારૂદ પર આરૂઢ હો,
સત્ય નામે ઠાર, પાછો એક ગાંધી જોઈએ.

ભૂખ, ભ્રષ્ટાચાર ને આ મોંઘવારી કારમી,
ચીસ પણ લાચાર, પાછો એક ગાંધી જોઈએ.

બેઉ છેડા, ક્યાં અહીં, થાયે કદી પણ એકઠા,
ચોતરફનો માર, પાછો એક ગાંધી જોઈએ.

પદ, પ્રતિષ્ઠા, ટીલે–ટપકે, દેશ પણ વેચી દીધો,
ક્યાં પછી ઉદ્ધાર, પાછો એક ગાંધી જોઈએ.

એક પર બીજો અહીં પગ મૂકીને આગળ વધે,
કંસ અપરંપાર, પાછો એક ગાંધી જોઈએ.

છે વચન ઠાલાં અહીં આસું મગરનાં હોય જ્યાં,
ત્યાં પ્રભુ ! ઊગાર, પાછો એક ગાંધી જોઈએ.

♦

અનુક્રમણિકા

**063**

# જીવતર ભ્રામક વધારે...

જીવતર ભ્રામક વધારે, છૂટતું હો તો જરા છોડીને જોવું એ છૂટે છે કે પછી,
એક એ છે, જે ઉગારે, છૂટતું હો તો જરા છોડીને જોવું, એ છૂટે છે કે પછી.

આમ તો હું છું પ્રવાસી વિશ્વ સાથે ક્યાં મમત રાખી શકું ને તે છતાં રાખી મમત,
જોવું છે બસ એ જ મારે, છૂટતું હો તો જરા છોડીને જોવું, એ છૂટે છે કે પછી.

રાગ મેં છેડ્યો નથી મલ્હાર તો યે કેમ આ વરસાદ ભીતર ભીંજવે મુજને સતત,
માણવું છોડી વિચારે ! છૂટતું હો તો જરા છોડીને જોવું, એ છૂટે છે કે પછી.

કોઈ મારી ભીતરે હરદમ શ્વસે એથી હુંફાળું જીવતર લાગ્યું નહીં તો સો ટકા,
હું ને પ્રજ્ઞા 'હું' જ ભારે, છૂટતું હો તો જરા છોડીને જોવું, એ છૂટે છે કે પછી.

કોઈ વિષમ, કોઈ ભિષણ યાતના હો તો જરા ખમવા હજી મક્કમ બને લોકો ભલાં,
તરફડે મુઠ્ઠી જુવારે ! છૂટતું હો તો જરા છોડીને જોવું, એ છૂટે છે કે પછી.

♦

અનુક્રમણિકા

**064**

# વાવતાં નથી...

એ છે ગુનો કે બીજ અમે વાવતાં નથી,
પણ મૂળ સોતું ઝાડ કદી કાપતાં નથી.

ને સ્વપ્નમાંય તું કદી પાછી જતી રહે,
બસ એટલે જ રાત બધી ઊંઘતા નથી.

માંગ્યું નથી, અમે હજી, હદનીય બ્હારનું,
માગ્યું નજીવું, જે અમે, એ આપતાં નથી.

બસ સાંભળી ના સાંભળી, મૂકી દીધી પછી,
એ જિંદગી છે, જિંદગી, કૈં વારતાં નથી.

'પ્રજ્ઞા' કરીને વાયદો, જે આવતાં નથી,
વરસાદ હો કે દોસ્ત, અમે રાખતાં નથી.

♦

અનુક્રમણિકા

065

## તે છેતરી જવાનો...

આ છેતરી જવાનો, તે છેતરી જવાનો,
એવું બધું વિચારી, મન ખોતરી જવાનો.

માનવની જાતમાં તું, વિશ્વાસ તો કરી જો,
આખર છે એય માનવ, એ છેતરી જવાનો ?

પાછો નથી જવાનો, વરસાદ પ્રેમનો છે,
ભરપૂર ભીંજવીને લીલોતરી જવાનો.

પાલવ અગર એ માનો પાછો મળે મને તો,
ઓઢી ફરી હું એને, સો ભવ તરી જવાનો.

આ શ્વાસની રમતમાં પ્યાદું ભલે હું તારું,
પણ એ છતાં હું પગલી મારી ભરી જવાનો.

વધતો ગયો આ શહેરી, ગામો ગળી ગળીને,
એથી થયો છે રોગી, વ્હેલો ખરી જવાનો.

♦

અનુક્રમણિકા

066

# ઉપેક્ષા કરું છું

વિરહની હંમેશાં ઉપેક્ષા કરું છું,
તમે ક્યારે આવો ? પ્રતીક્ષા કરું છું.

ફળી, ઘર કર્યા પગ તળે એક મેં તો,
ધીરજની હું કેવી પરીક્ષા કરું છું ?

ઘણી સાફસૂફી મેં ભીતર કરીને,
બચી લાગણીની હું રક્ષા કરું છું.

નથી ક્ષણ પછી શું થવાનું એ જાણું,
છતાં પણ જીવનની સમીક્ષા કરું છું.

મળ્યું ફૂલ ને તું શું ફૂલદાની ચાહે ?
સદા લોભી મનને હું શિક્ષા કરું છું,

♦

અનુક્રમણિકા

067

## ૐકાર કર

પીઠ પાછળ એમ તું ના વાર કર,
સામસામે આવીને પડકાર કર.

જિંદગીમાં આયનાનું બિંબ તું,
જેવું છે બસ એ રૂપે સ્વીકાર કર.

ટીલે ટપકે તું અગર થાકી ગયો,
ભીતરે બસ એકલો ૐકાર કર.

જ્યાં ઊભો એ છાંયડો છે વૃક્ષનો,
કેમ તું કરવત બન્યો, વિચાર કર.

ઝાકળે સૂરજને બસ, પૂછી લીધું :
તું શું જીવન પોષે છે ? પુરવાર કર.

દેવ–દાનવ બેઉ ભીતર છે છતાં,
માનવી થઈ જીવવા નિર્ધાર કર.

♦

અનુક્રમણિકા

068

## વાગોળતો હતો...

હાથે કરીને જાતને રંજાડતો હતો,
વીત્યા સમયને કેમ એ વાગોળતો હતો ?

એ ધારણાનું રણ હતું કેવું અફાટ ને,
આંખો મીંચી શું પામવા એ દોડતો હતો ?

સોનાને પીંજરે પછી શબ્દો પુરાઈ ગ્યા,
પોપટ સરીખું ? એ કશું કૈં બોલતો હતો.

કેડી હતી ત્યાં હાઈવે ઊભા થયા પછી,
માણસને ચાલવાની જગા ખોળતો હતો.

પિંજરથી પંખી ક્યારનું ઊડી ગયું છતાં,
એ ખોળિયાને ક્યાં સુધી પંપાળતો હતો.

♦

અનુક્રમણિકા

069

## જિંદગીની બાંધણી સમજી લીધી...

ચોતરફથી જિંદગીની બાંધણી સમજી લીધી,
જે ખુશી આવી જીવનમાં આખરી સમજી લીધી.*

ઊગવાને, ડૂબવાની ફિલસૂફી સમજી લીધી,
શું કરું ફરીયાદ ? લીલા આગવી સમજી લીધી.

મેં હજી ક્યાં કોઈપણ રણઝણ સ્વીકાર્યું પણ હતું,
કે તમે મારી નજરને ઝાંઝરી સમજી લીધી.

એક બાળક, જિંદગીભર, એટલે બાળક રહ્યો,
મોટપણની સૌ રમત અંતાક્ષરી સમજી લીધી.

તુંય મીરા જેમ એ રસ્તે પછી પ્હોંચી શકત,
પણ તેં વ્હેતી વાંસળીને ભૂંગળી સમજી લીધી.

ઝાંઝવાં છે નામ બીજું આ ખુશીનું આમ તો,
દોડતાં પ્હેલાં મેં પૂરી તાવણી સમજી લીધી.

સહેજ એમ જ પર્વ બાબત મેં જરા પૃચ્છા કરી,
ખુશ થવાની એણે શાને માગણી સમજી લીધી ?

* સ્મરણ : મરીઝ

અનુક્રમણિકા

070

## નાદને આછો ઉઘાડ તું...

ભીતર ઉઠેલા નાદને થોડો ઉઘાડ તું,
હર શબ્દ એક બ્રહ્મ છે ધીમે જગાડ તું.

ઉત્સવ સમી છે જિંદગી, ક્ષણને બગાડ નહિ,
હર શ્વાસ છેડી સૂરમાં એને વગાડ તું.

રસ્તો મળે નહીં મને મારા જ ગામનો,
માયાવી શહેર ફરતે છે તે વાડ ઠેક તું.

અંકે કરી લીધી બધી જેણે દીવાનગી,
એવા જ કોઈ એકને ભીતર રમાડ તું.

પ્રસ્તાવ પ્રેમનો મૂકી, તું થોભે તો જરી,
હું ના કહું, ને ત્યાં પછી, ખોટું લગાડ તું.

♦

અનુક્રમણિકા

**071**

# સંભળાવ તું

શ્રાવણી ભીની ગઝલ સંભળાવ તું,
આપણાં સંબંધને છલકાવ તું.

પ્રેમ છે તો છે હયાતી આપણી,
હર ઘૃણાના શ્વાસને અટકાવ તું.

લોક તો કહે પણ અરે ! તું પણ કહે !
'પ્રેમ છે તો પ્રેમને નિભાવ તું.'

નહિ પ્રલોભન હોય ને શું ચાલવું ?
રણ વચાળે ઝાંઝવાં ચમકાવ તું.

કંટકોને પાર જો, ધબકે છે એ,
ફૂલ જેવી જિંદગી મ્હેકાવ તું.

♦

અનુક્રમણિકા

**072**

# પછીની વાત છે

ખુદને સંભાળું પછીની વાત છે,
'સ્વ'ને ઓગાળું પછીની વાત છે.

ઉત્તરો મળશે એ પહેલા પ્રશ્નમાં,
જાતને ઢાળું પછીની વાત છે.

સગપણોની રિક્તતાને પૂરવા,
ઘાવ પંપાળું પછીની વાત છે.

બહાર શોધી ના શકાયા જે પછી,
ભીતરે ભાળું પછીની વાત છે.

ગેરસમજણ તોય નહિ અટકે, અરે !
બોલવું ટાળું પછીની વાત છે.

હિમશિલા જેવું જ રાખું ધ્યેય પણ,
આગ પંપાળું પછીની વાત છે.

♦

અનુક્રમણિકા

073

## પ્રમાણી હોય છે

જિંદગી જેણે પ્રમાણી હોય છે,
શ્વાસ સંવેદન ઉજાણી હોય છે.

જે ખમે અન્યાય ને જુલ્મો સિતમ,
આંસુઓ એની કમાણી હોય છે.

દોડવાનો થાક શું ત્યાં લાગશે ?
ઝાંઝવાં બદલે જ્યાં પાણી હોય છે.

જાનકી સમ મોહ ને હઠ હોય જ્યાં,
ત્યાં જ લક્ષ્મણરેખા તાણી હોય છે.

જન્મતાંની સાથ તરછોડી શકે,
મા શું મમતાથી અજાણી હોય છે ?

♦

અનુક્રમણિકા

**074**

# જિંદગી બદલાઈ ગઈ

એક ઠોકર જ્યાં મળી ત્યાં જિંદગી બદલાઈ ગઈ,
ફૂલ સાથે હોય કંટક, વાત એ, સમજાઈ ગઈ.

વાત શાહીથી લખી તો ડાયરી ખરડાઈ ગઈ,
વાત જીવનની લખી પ્રત્યેક પળ હરખાઈ ગઈ !

આંખનાં સોગન દીધાં ને એટલે ચમક્યું નથી,
આંસુ સાથે ભીતરે કૈં યાદ પણ ધરબાઈ ગઈ.

ક્યાંથી ઉત્તર શોધવા ઇચ્છાના અઘરા કોયડા,
જિંદગી આ શ્વાસને મ્હેકાવતાં ખરચાઈ ગઈ.

વિશ્વ સુંદર હોય એને પામવા સુંદર બની,
લોક કદરૂપા મળ્યા 'પ્રજ્ઞા' પછી કરમાઈ ગઈ.

♦

અનુક્રમણિકા

075

## સાવ ખોટું થાય જો...

સાવ ખોટું થાય ને ઊભા રહી જોયા કરો, એ રીત પણ સારી નથી,
જિંદગી લૂંટાય ને ઊભા રહી જોયા કરો, એ રીત પણ સારી નથી.

ઝાંઝવાનું જળ મળે એ કામના સાથે ભલે દોડી તમે રણમાં ભળો,
પણ ગળું સુકાય ને ઊભા રહી જોયા કરો, એ રીત પણ સારી નથી.

સૂર્ય સાથે જે ઊગે ને ખીલતાં ને મ્હેકતાં, એવાં ફૂલો પણ આ રીતે,
ડાળથી ચૂંટાય ને ઊભા રહી જોયા કરો, એ રીત પણ સારી નથી.

જીતવાની વાત પર ખુશી મનાવો, ત્યાં સુધી તો ઠીક છે પણ ત્યારબાદ,
હારથી દુભાઈ ને ઊભા રહી જોયા કરો, એ રીત પણ સારી નથી.

કોણ કોનું છે અહીં ? એ વાત જાણે તું છતાં ખોટી રીતે ગૂંચવાયેલાં,
સગપણો રહેંસાય ને ઊભા રહી જોયા કરો, એ રીત પણ સારી નથી.

રોજ તો ગઝલો ને ગીતો સાવ નોખું તેજ લઈ 'પ્રજ્ઞા' ખીલે મન આંગણે,
ને છતાં અંજાઈ ને ઊભા રહી જોયા કરો, એ રીત પણ સારી નથી.

♦

અનુક્રમણિકા

076

# વાત મારી સાવ ખુલ્લી

વાત મારી સાવ ખુલ્લી, સ્હેજ પણ મોઘમ નથી,
મળ મને શંકાઓ છોડી, પ્રેમમાં નાનમ નથી.

કેમ તું માને નહીં કંઈ કોઈનું કીધું કદી ?
એનું કારણ શું વળી એણે દીધેલા સમ નથી ?

સાવ એવું તો નથી કે કોઈ બંધન નહિ ગમે,
સાત ફેરામાં તું બાંધે તો મને કંઈ ગમ નથી.

ચાલ આપણ બેઉ થઈને વિશ્વ નોખું સ્થાપીએ,
એ બતાવી આપીએ કે આપણે કૈં કમ નથી.

સાચે રસ્તે ચાલવામાં એક આ ખુમારી રહી,
વિશ્વ પ્રજ્ઞાને ઝુકાવે ? વાતમાં કૈં દમ નથી.

♦

અનુક્રમણિકા

# જીવતરને પીલવા જેવું નથી

જીવતરને પીલવા જેવું નથી,
મન વિનાનું જીવવા જેવું નથી.

ક્યાં સુધી ઇજ્જત એ સાચવશે ભલાં,
જીર્ણ કપડું સીવવા જેવું નથી.

વૃદ્ધ બોલ્યો ખુદની હાલત જોઈને,
બાળકોએ ખીલવા જેવું નથી.

શસ્ત્ર વિના એ લડત આપે પછી,
મન કહે કે જીતવા જેવું નથી.

હાથ તારો હોય માથે ત્યાં પછી,
શ્વાસને કૈં પણ થવા જેવું નથી.

માને હાલરડે જ બાળક હીંચશે,
એને કૈં પણ શીખવા જેવું નથી.

♦

અનુક્રમણિકા

078

# લે ! તું પલળી જોઈ લે વરસાદમાં

લે ! તું પલળી જોઈ લે વરસાદમાં,
જાતને તું ખોઈ લે વરસાદમાં.

પ્રેમ માળા પ્રોઈ લે વરસાદમાં,
કાં પછી તું રોઈ લે વરસાદમાં.

આટલું નિર્મળ પછી જળ ના મળે,
લે, મલિનતા ધોઈ લે વરસાદમાં.

એક છત્રી, શ્વાસ કોરા, બેઉના,
એવું પણ તો હોય, લે વરસાદમાં.

પ્રેમમાં શંકા પડે, ને તે પછી,
જિંદગીને ખોઈ લે, વરસાદમાં.

♦

અનુક્રમણિકા

**079**

# લે ગઝલ વિચાર,
# આરંભાય છે વરસાદમાં…

લે ગઝલ વિચાર, આરંભાય છે વરસાદમાં !
શબ્દ સાથે અર્થ ગોરંભાય છે વરસાદમાં !

ટેરવે નિઃશ્વાસ તારા સ્પર્શનો શું થૈ ગયો,
જો સતત મારું ભીતર છોલાય છે વરસાદમાં !

બેઉ હૈયે તો સ્મરણની ભીડ જામી’તી પછી,
કેમ એકલતાય ખોડંગાય છે વરસાદમાં !

કાલ પર તું નાખ તારો ભાર ને તું જોઈ લે,
સામે ચાલી આજ તારી જાય છે વરસાદમાં.

બીજ ‘પ્રજ્ઞા’એ સીંચ્યાં જે પ્રેમરૂપે પાંગર્યાં,
એટલે સહુ પ્રેમગીતો ગાય છે વરસાદમાં.

♦

અનુક્રમણિકા

# ના પૂછવું હતું છતાં

ના પૂછવું હતું છતાં પુછાઈ જાય છે,
છાની હતી જે વાત એ ચર્ચાઈ જાય છે.

ખોટી રસમનાં નામ પર બંધાઈ જાય છે,
બે પ્રેમી એ રિવાજમાં ખર્ચાઈ જાય છે.

મારો નથી તો તું પછી ના કોઈનો થજે,
દીવાનગી જે આગમાં પલટાઈ જાય છે.

એ શૂન્ય છે કે શેષ, બધું ભાગવા મથે,
મમતા બિચારી પ્રેમમાં છેદાઈ જાય છે.

કાંઠે ન નાંગરી શકી એ નાવની વ્યથા,
મઝધાર જાણે તે છતાં લ્હેરાઈ જાય છે !

'પ્રજ્ઞા' પગેરું પ્રેમના ઉંબર સુધી જશે,
જે લાગણીની સાંકળે જકડાઈ જાય છે.

♦

અનુક્રમણિકા

081

## ઘર શ્વાસનું જીવંત

ઘર શ્વાસનું જીવંત, તું રહેવાની પ્હેલ કર,
આ છે સફર અનંત, તું રહેવાની પ્હેલ કર.

આંખે કરી કમાલ કે ઘર પ્રેમનું બન્યું,
છે પાંપણે વસંત, તું રહેવાની પ્હેલ કર.

છળનાં રૂપેરી આયને આભાસ હો ભલે,
પામી લઈને તંત, તું રહેવાની પ્હેલ કર.

ઠગવાની વાત પર બધાં મ્હોં ફેરવે છતાં,
ક્યાં કોઈ અહીં છે સંત, તું રહેવાની પ્હેલ કર.

'પ્રજ્ઞા' અહીં તો મોતને મથવું પડે ઘણું,
જીવવું છે તંતોતંત, તું રહેવાની પ્હેલ કર.

♦

અનુક્રમણિકા

082

# ‘હું’ની વચ્ચેથી નીકળવાનું ઘણું મુશ્કેલ છે

‘હું’ની વચ્ચેથી નીકળવાનું ઘણું મુશ્કેલ છે,
પ્રેમવશ સૌ સાથ ભળવાનું ઘણું મુશ્કેલ છે.

વારતા, ગઝલો કે ગીતો નાનાં નાનાં ઝાપટાં,
પગથી માથા લગ પલળવાનું ઘણું મુશ્કેલ છે.

હસ્તરેખાને અરીસે માપવી ક્યાં જિંદગી,
જોઈ છાયા ભાગ્ય કળવાનું ઘણું મુશ્કેલ છે.

વાત રોટીની હતી ને એટલે થોભી ગયાં,
ખાલી પેટે યુદ્ધ લડવાનું ઘણું મુશ્કેલ છે.

પાણીપંથી સાંઢણીને છે તરસને જોમ પણ,
ઝાંઝવાં પાછળ રઝળવાનં ઘણું મુશ્કેલ છે.

♦

અનુક્રમણિકા

083

## જીવી જવું જ હોય જો

જીવી જવું જ હોય જો હોશોહવાસમાં,
ભૂલીને પાનખર પછી શ્વસવું પલાશમાં.

ભીતર ઉલેચી ક્યાં સુધી હોઠે જવાય છે ?
એ રીતે શું ડૂમા કદી આવે ઉજાસમાં ?

શોધે નહીં દિશા અને હંફાવે રણને જે,
ભટકે નહીં એ ક્યાંય જો છળની તલાશમાં.

તોફાન ચાર આંખનું હદથી વધી જશે,
કર્ફ્યૂવ નાંખવો પડે, તોફાની શ્વાસમાં.

રાખી નથી મેં કોઈ પણ ઇચ્છા જીવન વિશે,
જીવનને ચારે બાજુ તું નાહક ચકાસમાં.

છે એક એનું તેજ કે જે હોય ના અગર,
'પ્રજ્ઞા' વિના શું જિંદગી આવે પ્રકાશમાં.

♦

અનુક્રમણિકા

084

## તર્કની કૈં સદી વટાવી છે

તર્કની કૈં સદી વટાવી છે,
ખુદને ઓળખ પછી અપાવી છે.

હુંથી તુંની સફર પૂરી કરવા,
પ્રેમપથ પ્હોંચ મેં કરાવી છે.

તું ભલે લાખ યાતના આપે,
જિંદગી ! મેં તને સજાવી છે.

છો હવે બોલતો અકારણ તું,
મેં મને મૌનમાં વહાવી છે.

સાવ મઝધારમાં જ છોડીને,
નાવ જો પાર મેં લગાવી છે.

વાત 'પ્રજ્ઞા' અગર 'દીપક'ની હો,
સ્વપ્રયત્ને જગા બનાવી છે.

અનુક્રમણિકા

085

## હર પળેપળ કેમ કચવાતું રહે

હર પળેપળ કેમ કચવાતું રહે આ હુંપણું,
સાવ નોખી રીતે ભજવાતું રહે આ હુંપણું.

શું હશે ને શું નથી ને શું થયું ને શું થશે,
પ્રશ્ન પૂછી પૂછી રઘવાતું રહે આ હુંપણું.

સર્વની વાતો હશે, સંકેલશે એ જાતને,
લોકે ટોળે કેમ પજવાતું રહે આ હુંપણું.

હોય એની વાત તો મનમાં પછી હરખાય ને,
જાતનાં દર્પણ મહીં ગાતું રહે આ આ હુંપણું.

ભીડ હો કે ચીડ હો કે પીડ હો જીવન મહીં,
એક 'પ્રજ્ઞા' હોય તો, જાતું રહે આ આ હુંપણું.

♦

અનુક્રમણિકા

**086**

# ન જાસો આપીએ

તરસી આંખોને ન જાસો આપીએ,
પ્રેમ છે એવો દિલાસો આપીએ.

શ્વાસને બસ કાચું–પાકું ઘર મળે !
સ્વપ્નને ત્યાં રાતવાસો આપીએ.

પ્રેમનું મોતી મળે ભવ સાગરે,
ત્યાં દુઆઓ સો–સવાસો આપીએ.

કૈં હશે ના જીવવા તો ચાલશે,
હાશ પામે એવા શ્વાસો આપીએ.

♦

અનુક્રમણિકા

087

# રીત નથી કૈં એ પણ ખોટી

રીત નથી કૈં એ પણ ખોટી,
બોખા મોંએ માર સિસોટી.

હર કામોમાં લાવ હથોટી,
મળતી જાશે એમ જ રોટી.

પ્હોંચ્યો છું હું આજે જ્યાં પણ,
સર, ટીચરની ખાતાં સોટી.

સામે ચાલી હારી જાવું,
એવી કેવી થાય કસોટી.

ડાઘ પડે જો મનના વસ્ત્રે,
કામ ન આવે એકે ગોટી.

બાળક થઈને રમવા લાગ્યો,
દીઠી જ્યાં મેં એક લખોટી.

લાગે મોટા, મનથી નાના,
વાતો એની મોટી મોટી.

અનુક્રમણિકા

**088**

## શ્વાસમાં યાદો ભરીને બેઠી છું

શ્વાસમાં યાદો ભરીને બેઠી છું નિરાંતથી,
ઘરનું ઘર ઊભું કરીને બેઠી છું નિરાંતથી.

તોરણો ઇચ્છારૂપી મેં ઉંબરે બાંધ્યાં પછી,
ચીતરી કંકોતરીને બેઠી છું નિરાંતથી.

લાખ ચાહું પણ કદી ભુલાય ના મુજ માવડી,
યાદ એની આંતરીને બેઠી છું નિરાંતથી.

બાળપણની કૈં રમત ઘર આંગણે રમતી રહે,
મીઠી પળ એ ચીતરીને, બેઠી છું નિરાંતથી.

♦

અનુક્રમણિકા

089

## જિંદગીના મંચ પર મંચન કર્યું છે એટલે

ભૂમિકા 'ગર ખોટી હો તો કૈં રીતે બદલાય પણ,
ને સમજની બહાર હો તો કૈં રીતે સમજાય પણ.

જિંદગીના મંચ પર મંચન કર્યું છે એટલે,
કૈં અદા પંકાય પણ ને કૈં અદા વંકાય પણ,

એટલું સ્વીકારી જે, ચાલ્યાં બધાં સુખી થયાં,
ભલભલાં ઉપર ચડી નીચે સુધી પટકાય પણ.

વૃક્ષ ટહુકાને પૂછે 'ગર ના રહું હું એ પછી,
શ્વાસમાં કાર્બન ભરીને કઈ રીતે જિવાય પણ !!

સાવ સૂની શેરીના સૂનકારને રણકાવવા,
ક્યાંકથી ગબડે લખોટી મન ભલાં હરખાય પણ.

સ્થિર થાવાને મથો પણ યોજના ખોટી ઠરી,
હો ન 'પ્રજ્ઞા' સાથ તો આ જિંદગી પછડાય પણ.

♦

અનુક્રમણિકા

**090**

# સમી સાંજે સૂરજને રોજ

સમી સાંજે સૂરજને રોજ ઢળવાનો વખત આવે,
સખી જેવી, ક્ષિતિજને એમ મળવાનો વખત આવે.

સફરનો થાક ઊતારે જઈ સાગરને ઓવારે,
સળગતા શ્વાસને દરિયે પલળવાનો વખત આવે.

કરે હિસાબ નિરાંતે પછી એ પ્હાડ પર બેસી,
અરે ભૈ ! એ રીતે તો જાત કળવાનો વખત આવે.

પથારી પાથરે નિશા ચમકતા તારલા ઓથે,
હજી ઊંઘે જરી ને ત્યાં જ વળવાનો વખત આવે.

જગત આખાને અજવાળે અગર 'પ્રજ્ઞા' બને સૂરજ,
ભલેને એ પછી એને પ્રજળવાનો વખત આવે.

♦

અનુક્રમણિકા

**091**

## મારી હતી જે ભૂલ
## એ જોવા મથું છું હું

આ ભીડમાં, આ શોરમાં ખોવા મથું છું હું,
પણ એ બધામાં બસ તને જોવા મથું છું હું.

મારી હતી જે ભૂલ એ જોવા મથું છું હું,
ડૂમા બધા છૂપાવીને રોવા મથું છું હું.

કેવી હતી એ લાગણી, સંબંધ કાચનાં,
તૂટેલ હારને ફરી, પ્રોવા મથું છું હું.

માંડી રમત જો શ્વાસની તો દોડવું પડે,
બે પળ મળે નિરાંતની, સૂવા મથું છું હું.

'પ્રજ્ઞા' જે તારી વાતમાં હા–ના કર્યા કરે,
એ પાંગળા વિવાદને લ્હોવા મથું છું હું.

♦

અનુક્રમણિકા

092

## પાર જાઉં છું

અરથની ધાર જોઉં છું, શબદની પાર જોઉં છું,
હું એ રીતે ગઝલનો આગવો શણગાર જોઉં છું.

નજરનાં કેફથી લથડે ભીનાં શ્વાસોનું સંવેદન,
પછી નોખાં સનમનાં તોર ને વ્હેવાર જોઉં છું.

હજી મ્હેકે છે શ્વાસો એનો મતલબ એટલો કરવો,
ભીતર યાદોની હું મીઠી મીઠી વણઝાર જોઉં છું.

જડો ખીલા નહીં એને, ગુનો પુરવાર ના જેનો,
અહીં એનાથી બદતર લોકની લંગાર જોઉં છું.

અવેસ્તા, બાઇબલ ગીતા નથી કુરાન પઢવા કેં,
હું અદના આદમીમાં જિંદગીનો સાર જોઉં છું.

પછી બાકી ન રહેશે કેં જરા જો દૂર તું જાશે,
વિના 'પ્રજ્ઞા' નર્યું ભીતર હું નર્કાગાર જોઉં છું.

♦

અનુક્રમણિકા

093

## દર્દ જાણે ફરાર લાગે છે

દર્દ જાણે ફરાર લાગે છે,
આપની સારવાર લાગે છે.

ભીતરે સૂનકાર લાગે છે,
નક્કી કો, આવનાર લાગે છે.

કેવાં સૌ બેકરાર લાગે છે,
શસ્ત્ર સાથે કરાર લાગે છે.

ચોપડીનોય ભાર લાગે છે,
બાળ કાંધે વખાર લાગે છે.

આમ જોતાં પ્રાંતવાર લાગે છે,
તેમ જોતાં ખુવાર લાગે છે.

છેલ્લી બાજીય તેં જીતી લીધી,
જાત ઉપર મદાર લાગે છે.

♦

અનુક્રમણિકા

094

# અમે રસ્તો હમેશાં અન્યથી

અમે રસ્તો હમેશાં અન્યથી નોખો બનાવીને,
ઊભા છીએ અમારી આંખમાં અર્જુન વસાવીને.

ભલે હો મૂળ થડ કે પાંદડા પંખીની ફરતે પણ,
અમે તો ધ્યેયને વીંધ્યું ભીતર ધૂણી ધખાવીને.

બધો અંધાર એકી સાથ ક્યાંથી દૂર પણ થાયે,
અમે સૂરજને સળગાવ્યો ભીતર વહ્નિ જલાવીને.

ન એને કોઈ સમજાવો કે બંધન શું ને મુક્તિ શું ?
ભલે એ સ્વપ્નમાં ઊડે, સતત પાંખો કપાવીને.

ન ગમતાં કોઈના ફોગટ દિલાસા એટલે જુઓ,
નવી રીતે હસી લીધું અમે આસું વહાવીને.

♦

અનુક્રમણિકા

095

## વૃક્ષ સાથે વાટકી વહેવાર છે

આપ–લે નો ક્યાં કશો અણસાર છે ?
વૃક્ષ સાથે વાટકી વહેવાર છે.

બ્હાર જ્યારે શબ્દનો રણકાર છે,
ત્યારે ભીતર મૌનનો ઝંકાર છે.

શોર વચ્ચે પણ ગઝલ સાંભળવી છે,
દોસ્ત સાચો એ જ તો પડકાર છે !

ભીડ કોલાહલ નડે ક્યાંથી મને,
શબ્દ મારો ભીતરી ૐકાર છે.

મૌનની ઊંચાઈ મળતાં લ્યો જુઓ,
સાવ પોકળ શબ્દ અધ્યાહાર છે.

ભીંત રંગી તું નિરાંતે બેસ મા,
કાટમાળે જ્યાં ઊભાં ઘરબાર છે.

♦

અનુક્રમણિકા

096

## ક્ષણને વ્રણની વચ્ચે ફરવું
## તારા વશની વાત નથી

ક્ષણને વ્રણની વચ્ચે ફરવું તારા વશની વાત નથી,
હસતાં રમતાં જીવન તરવું તારા વશની વાત નથી.

સાચું ખોટું જે કૈં છૂટ્યું મિલ્કત થોડી બાકી છે પણ,
કાને ક્યાં ક્યાં શું શું ધરવું, તારા વશની વાત નથી.

ખેંચાતાણી અંદર અંદર તનથી મનને વેર ઘણું,
સમરાંગણમાં પાર ઊતરવું, તારા વશની વાત નથી.

અડધું પડધું જીવન જીવે, હારી બાજી તું જીતે પણ,
હર શ્વાસોને બાથે ભરવા, તારા વશની વાત નથી.

હા–ના, હા–ના કરતો રહેતો ભ્રમણા વચ્ચે તું અટવાતો,
કુંડાળાં તોડી સંચરવું, તારા વશની વાત નથી.

સપનાં સાથે નાવ લઈને સામે કાંઠે સરવું પણ,
વાસ્તવના હલ્લેસે તરવું, તારા વશની વાત નથી.

♦

અનુક્રમણિકા

097

## એ કામ માળીએ જ
## સમજાવી જવા જેવું હતું

એ કામ માળીએ જ, સમજાવી જવા જેવું હતું,
તું ફૂલ છો, સૌરભને, પ્રસરાવી જવા જેવું હતું.

કુદરત ઉછેરે છે બધું એ વાત પર શ્રદ્ધા ધરી,
જે બીજ આવે હાથ,  એ વાવી જવા જેવું હતું.

ઝાકળ તણો જાદુ અગર, જો ફૂલને મંજૂર હો,
તરકટ પછી તડકા તણું, ફાવી જવા જેવું હતું.

મારાં ચરણ, તારાં તરફ, વળતાં નથી હું શું કરું ?
મારે જ તારા ધામમાં, આવી જવા જેવું હતું.

અહલક પળે કો ભીતરે, સાકાર થાયે એ ઘડી,
છોડી જગતની આંગળી, ચાલી જવા જેવું હતું.

એ રણ હશે કે ઝાંઝવાં કે એ હશે છલના નરી,
એ જે હશે એને ય તરસાવી જવા જેવું હતું.

♦

અનુક્રમણિકા

098

# જીવન જેને ન આવ્યું રાસ

જીવન જેને ન આવ્યું રાસ લોકો એ જ છે શું આ ?
લીધો આવેશમાં વનવાસ, લોકો એ જ છે શું આ ?

બધાં જાણે જીવનનાં કૈં ઉધામા સાવ ફોગટ છે,
છતાં સામેથી વ્હોરે ત્રાસ, લોકો એ જ છે શું આ ?

ઘણાં વર્ષે જૂની ડેલીની સાંકળ ખોલતાંમાં જે,
કરે છે બે ઘડીની હાશ, લોકો એ જ છે શું આ ?

ઉછેર્યાં જે હતાં તે બીજ આંતકી હવે ઊગી,
પૂછે જડ કેમ તારા શ્વાસ, લોકો એ જ છે શું આ ?

બધી સંવેદનાની ધાર બુઠ્ઠી થૈ હશે એથી,
ફરે ખુદની ઉઠાવી લાશ, લોકો એ જ છે શું આ ?

બહુ અધ્ધર ઊડ્યાં ધરતીથી જેઓ બહુ ખુમારીથી,
ગણાવાતા'તા જેઓ ખાસ, લોકો એ જ છે શું આ ?

♦

અનુક્રમણિકા

099

## ભીંતને પણ...

ભીંતને પણ કાન છે, સંભળાય છે,
ડાયરીમાં જિંદગી અંકાય છે.

એ જ સામે આવશે તો શું થશે ?
ભાગ્યનાં ફળ ક્યાં કદી બદલાય છે !

કેમ હું પ્હોંચી નથી મારા સુધી,
'હું' ને આડે 'હું' જ આવી જાય છે !

જે કથન શકમંદ અવતરવાં હતું,
અવતર્યું તો લાખનું લેખાય છે !

કેમ આવું ? સાવ સ્હેલી વાત પણ,
ગામમાં ચર્ચ્યા પછી સમજાય છે ?

હું લખું કે તું લખે કે તે લખે,
પોત રેશમ હોય તો પંકાય છે.

♦

અનુક્રમણિકા

100

## તૂટેલો બંધ છું...

હસ્તરેખાથી જ તો પાબંદ છું,
ભાગ્યથી વાંકો વળેલો સ્કંધ છું.

ચોતરફથી હું તૂટેલો બંધ છું,
તોય વ્હેતાં પૂરમાં અકબંધ છું.

'હું'પણાનો છેદ ઊડે એ પછી,
હું જ મારો અંત ને આરંભ છું.

કોની સાથે કોણ ઊભો જોઈને,
ગોઠવણ જેવો જ હું સંબંધ છું.

મારી ગઝલો કોઈએ નહિ મૂલવી,
કોણ સમજે ? અટપટો હું છંદ છું.

હું જ મારા બાગનો માળી છતાં,
કેમ ઉપેક્ષિત હું ફરજંદ છું.

♦

અનુક્રમણિકા

101

# નકારી જાઉં હું...

હોય મોઘમ તો નકારી જાઉં હું,
વાત નક્કર હો હકારી જાઉં હું.

તારે પગલે ક્યાં સુધી પગ માંડવા ?
મારે હાથે લેને તારી જાઉં હું.

ક્યાં મળે છે એ મને પૂરેપૂરો,
મળશે પૂરો, તે'દી વારી જાઉં હું.

જિંદગીને ક્યાં કશી તકલીફ છે,
જીવવાને નામે મારી જાઉં હું !

નામ ચર્ચામાં નથી તો શું થયું ?
કામ મુજ આગળ વધારી જાઉં હું.

♦

અનુક્રમણિકા

102

## શિક્ષકની વિદાય

હું હતી, શાળા હતી ને ઘંટનો રણકાર પણ,
પણ સમય સરકી જવાના રંજનો રણકાર પણ.

એક સાથે કેટલા પ્રશ્નો હતા તો પણ અહીં,
દેવા સહુના ઉત્તરોમાં, ખંતનો રણકાર પણ.

ફક્ત હાજી હા કરીને તાળીઓ પાડે સહુ પણ,
ના કહીને જ્યાં ઊભા આંતકનો રણકાર પણ.

કોણ કોનું છે અહીં ? ને તોય બધ્ધાં આપણાં,
અગ્ર થૈને બોલવામાં, શંખનો રણકાર પણ.

છે હજી તો હીર રેશમમાં લપેટી રાખીને,
તક મળે તો વાપરીશું, સંતનો રણકાર પણ.

♦

અનુક્રમણિકા

103

## અહમ્ ને એમ ઓગાળીએ

આ અહમ્ ને પછી એમ ઓગાળીએ,
જેમ ઝાકળ વડે સૂર્ય અજવાળીએ.

મન મૂકી ચંદ્રને ઊગતો ભાળીએ,
ને શરમથી પછી પાંપણો ઢાળીએ.

આ તરફ સીમ છે, તે તરફ છે સડક,
બોલ મન, આ ચરણ, કઈ તરફ વાળીએ ?!

પંખી ઊડી ગયું, આભને પામવા,
તોય, ટહુકો હજી, ગૂંજતો ડાળીએ.

દોડ છે, હોડ છે, ને સતત, ભીંસ છે,
એક ક્ષણ, થોભીને, જાત પંપાળીએ.

કોણ, ક્યાં, શું કરે, ના કરે, કે કરે,
આપણે આપણો ધર્મ સંભાળીએ.

ગામ, દેરી, નદી ઓટલે બા ઊભી,
છે બચી, જે મૂડી, ચાલ, મમળાવીએ.

* સ્મરણ : શોભિત દેસાઈ

અનુક્રમણિકા

104

## હું કમાઈ, પણ રહી નુકસાનમાં

એવી પણ ના હું હતી બેધ્યાનમાં,
બસ સમય વીતી ગયો અભિયાનમાં.

જ્યાં મેં ઝોળી સ્હેજ શું ખુલ્લી મૂકી,
લોક લૂંટે જાણે હું બેભાનમાં.

ભીડ ભારે ને છતાં સહુ એકલાં,
એટલે પાછી ફરી વેરાનમાં.

સાચું કારણ એટલે કહેવાય નહિ,
ભ્રમ મને કે હું હતી સુકાનમાં.

લોક ટોળામાં જીવે છો ને મરે,
હું જીવું બસ એક મારાં તાનમાં.

સાવ નરસૈયાની જેવું મારું થયું,
હું કમાઈ, પણ રહી નુકસાનમાં.

♦

અનુક્રમણિકા

## 105

### અન્તીમ ટાઈટલ પેજ

# પ્રજ્ઞા વશીની સાતત્યપૂર્ણ ગઝલો

આયામ જ્યારે સકારાત્મક અને પરિણામલક્ષી હોય છે ત્યારે, રસનિષ્પત્તિ જન્માવે છે. પ્રજ્ઞાબહેનની ગઝલો દ્વારા આ બાબત ઉજાગર થાય છે. સફાઇદાર પદ્ય, જીવનની સંવેદનાત્મક બાબતો, સરળ છંદ, પ્રયોગ તથા આછી ચમત્કૃતિના ચમકારા દ્વારા તેઓ ગઝલના વિશાળ વિશ્વમાં પોતાનો અવાજ લઈને પ્રસ્તુત કાવ્ય સંગ્રહ દ્વારા પ્રવેશ કરે છે. પ્રણયની નાજુક લાગણીને ભાવાત્મક બાનીમાં કંડારતા આવા શે'રની નોંધ લેવી પડે એમ છે.

'પ્રેમ જ્યાં એકાંતવાસી હોય છે
ભીની ભીની ત્યાં અગાસી હોય છે.'

તો સાથે જ દાવા–દલીલને સમર્થિત કરતા ગઝલના ટ્રેડિશનલ ફૉર્મેટને માફક આવે તેવો સરસ શે'ર આ રહ્યો :

'દાખલો ત્યારે જ ખોટો હોય છે
જ્યારે ગણવા પર ભરોસો હોય છે.'

પ્રજ્ઞાબહેન સાતત્યપૂર્ણ રીતે ગઝલો લખી ગંભીરતાથી સક્રિય રહેનાર જૂજ કવયિત્રીઓમાંના એક જ છે. મનોવિજ્ઞાન, સંબંધોની નાજુકાઈ, પ્રકૃતિપ્રેમ, માનવસ્વભાવ, જીવનની કઠીનાઈઓ તથા ફિલોસોફીના છાંટણાઓથી સભર તેમની ગઝલોમાંથી આવા મજાના શે'રો અચૂક મળી આવશે.

‘હાથે કરીને જાતને રંજાડતો હતો
વીત્યા સમયને કેમ એ વાગોળતો હતો ?

*

હયાતીનો મોટો પથારો કરીને
શું શ્વાસોમાં ખાલી વધારો કરું છું ?

અને અંતે માનવીય સંબંધોની અટપટી વિટંબણાઓને કંડારતી ક્ષણોને પ્રજ્ઞાબહેનના શબ્દોમાં મમળાવીએ ચાલો :

‘નિ:શ્વાસ નાખતો હવે ઊંબર થવું નથી
કો દીકરી વિદાયનો અવસર થવું નથી’

પ્રજ્ઞાબહેનને પ્રસ્તુત સંગ્રહના પ્રગટીકરણની પળે અભિનંદન અને હાર્દિક શુભેચ્છાઓ.

4 સપ્ટેમ્બર 2014

**મુકુલ ચોકસી**
સુરત

અનુક્રમણિકા

# સમાપ્ત